**સુવિચાર**

જીંદગી રસ પણ છે અને તરસ પણ છે. રસ અને તરસના પ્રેમ કિનારા વચ્ચે જીવનસરિતા વહેતી રહે છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)

માણેકપરા, અમરેલી.

ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦

તા. ૧૭/૦૧/૨૦૨૫, શુક્રવાર

ફોન : ૨૨૮૪૨૨

www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્

AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803

Postal Reg.No. AMR/217/2024-26

E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ પોષ વદ-૪ વર્ષ : ૧૬ અંક : ૦૩૦










## લવરમુછીયાઓ બેફામ ગતિએ બાઈક ચલાવતાં જોવા મળે છે

# અમરેલીમાં માંતેલા સાંઢની જેમ દોડતા વાહનો પર બ્રેક લગાવો

**નાના ભુલકાઓને ઘેટા-બકરાની જેમ ભરીને શાળાએ લઈ જવામાં આવતાં હોય તેની કોઈ તપાસ થતી નથી**

**શહેરમાં લાયબ્રેરી ચોક, માર્કેટયાર્ડ રોડ, નાગનાથ બસ સ્ટેન્ડ નજીક પણ ટ્રાફિકની સમસ્યા વિકરાળ**

**ટ્રાફિક અંગે સમજ બહુ અપાઈ હવે ટ્રાફિક અને આરટીઓએ કાર્યવાહી કરવાનો સમય આવી ગયો**

**જાહેર માર્ગો અને ફૂટપાથ ઉપર ઉભી રહેતી રેંકડીઓ અને કેબિનોને સલામત સ્થળે ખસેડો**




અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત ઠેકઠેકાણે જનજાગૃતિ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે અને આવુ દર વર્ષે કરવામાં આવે છતાં પણ ટ્રાફિકનાં નિયમોની અમલવારી થતી ન હોય તો કાયદેસર કાર્યવાહી કરવાની હોય છે. તંત્ર માત્ર સમજ અને માર્ગદર્શન આપીને સંતોષ માને તે યોગ્ય નથી.

અમરેલી શહેરમાં માંતેલા સાંઢની જેમ દોડતા સ્કૂલ વાનનાં ચાલક પાસે લાયસન્સ છે કે નહી અને સ્કૂલવાનમાં ઘેટા–બકરાની જેમ નાના ભુલકાઓને ભરીને શાળાએ લઈ જવાતા હોય તેવા દ્રશ્યો નજર સામે છે.

તદઉપરાંત શહેરમાં લાયબ્રેરી ચોક, હરિરોડ, ભીડભંજન ચોક, માર્કેટયાર્ડ રોડ, નાગનાથ બસસ્ટેન્ડ તેમજ મુળદાસ ચોકમાં સવારનાં સમયે માર્ગ ઉપર શ્રમિકોનાં ટોળા જોવા મળે છતાં પણ ટ્રાફિકમેન કોઈ પ્રકારની કામગીરી કરતાં જોવા મળતા નથી.

અમરેલી શહેરમાં જાહેર માર્ગો ઉપર રેંકડીઓ અને કેબિનોનો ખડકલો જોવા મળે છે. ગાંધીબાગ સામેની ફૂટપાથ ઉપર પણ પાણીપુરી અને ફૂલનાં વેપારીઓએ કબ્જો કરી લીધો તો રવિવારે ભરાતી ગુજરી બજારથી પણ પરેશાની ઉભી થઈ રહી છે. છતાં પણ કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હોય માત્રને માત્ર ટ્રાફિક જાગૃતિ માર્ગદર્શનથી શહેરીજનોને કોઈ ફાયદો થતો નથી.

## અકસ્માત કે આત્મહત્યા તેની તપાસ શરૂ

# અમરેલીના કેરિયાનાગસમાં કૂવામાં પડી જવાથી અજાણી વ્યકિતનું મોત થયું

**ફાયર ટીમે મૃતદેહને પોષ્ટમોર્ટમમાં મોકલ્યો**



અમરેલી, તા. ૧૬

અમરેલી નજીક આવેલ કેરીયા નાગસ ગામે રણછોડભાઈ વલ્લભભાઈ સાવલિયાની વાડીના કુવામાં કોઈ અજાણી વ્યકિત અકસ્માતે પડી જવાની ઘટના બનેલ હોય તે અંગેની જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે તા. ૧૬ના રોજ સવારે ૯:૧૫ કલાકે

**અનુસંધાન પાના ૬ ઉપર**

## વેપારીએ બાળકોને પતંગ ચગાવવાની ના ન પાડતા

# વડિયાનાં દેવગામનાં વેપારી ઉપર ૮ ઈસમોએ એક સંપ કરી લાકડાનાં ધોકા, હોકી વડે હુમલો કરતા ચકચાર

**નાના એવા ગામમાં બનેલ ઘટનાને લઈને પોલીસ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૧૬

વડિયા તાલુકાના દેવગામ ગામે રહેતા વિનુભાઈ ચકુભાઈ ચાવડા નામના ૪૯ વર્ષિય વેપારીની દુકાનેથી ગત તા. ૧૪ના રોજ સાંજના ૫:૩૦ વાગ્યાના અરસામાં કોઈ અજાણ્યા મજુરના છોકરાઓ વેચાતી પતંગ લઈ જઈ અને દુકાનની સામે પતંગ ચગાવતા હોય. જે દરમ્યાન તે જ ગામે રહેતા આરોપી જયેશ મનુભાઈ ચાવડા, ટીણો ઉર્ફે જયેશ જીણાભાઈ ચાવડા તથા અજય ખિમાભાઈ ચાવડા આ છોકરાઓને પતંગ ચગાવવા ન દેતા હોય. જેથી વેપારીએ આરોપીઓને તે બાબતે ઠપકો આપતા આરોપીઓએ વેપારીને એક લાફો મારેલ જેથી વેપારી પોતાની દુકાને જતા રહેલ. બાદમાં વેપારીની દુકાન પાસે આઠ જેટલાં આરોપીઓ એક સંપ કરી ગેરકાયદે મંડળી બનાવી જેમાં આરોપીઓએ હાથમાં લાકડી, હોકી, લાખંડના ધારીયા જેવા પ્રાણઘાતક હથિયાર ધારણ કરી આવી વેપારીને દુકાન બહાર જાહેરમાં બોલાવી આરોપીઓએ લાકડાના ધોકા વડે માથાના ભાગે, હાથમાં લાકડાની હોકી તથા લાકડાના હાથાવાળુ લોખંડનું ધારીયુ લઈ પગે સાંથળમાં મુધરાટી માર મારી મુંઢ ઈજા કરી હુલ્લડ કરી અને આઠ આરોપીઓએ એક સાથે મળી વેપારી સહિતનાને જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈછે.








# મોટી કુંકાવાવ સોશ્યલ ગૃપ દ્વારા સુરત ખાતે ૧૯ મુ સ્નેહમિલન યોજાયુ



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

સુરત ખાતે વસતા કુંકાવાવના પરિવાર દ્વારા એક સોશ્યલ ગૃપ બનાવવામાં આવ્યું છે. તે પરિવારનું દર વર્ષ સ્નેહમિલન યોજાય છે જેમા બાળકોને પ્રોત્સાહીત કરવા પરિવારની ભાવના કેળવા તેમજ શિક્ષણનો વ્યાપ વધે તેમજ વતનના સેવા કાર્યોમાં સહોગ અને યોગદાન આ સોશ્યલ ગૃપ દ્વારા કરવામાં આવે છે. તેન અનુસંધાને તા. ૧૨/૧/૨૫ ના રોજ ૧૯મુ સ્નેહ મિલન યોજાયુ હતુ જેમા આ વર્ષે નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો જેમા તમામ કાર્ય મહિલા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમા સ્ટેજ સંચાલન સ્ટેજ પર માત્ર બહેનો તેમજ વિવિધ ઈનમો પણ મહીલાઓના હસ્તે આપવમાં આવ્યા હતા. આમ પુરૂષ પ્રધાન સમાજ વ્યવસ્થામાં મહિલાઓને આગળ કરીને એક નવોજ પ્રયોગ કરવામાં આવતા સૌ કોઈએ સ્વીકારીને આયોજકોને અભિનંદન આપ્યા હતા આ પ્રસંગે કુંકાવાવન ાસુરત ખાતે વસતા પરિવારો મોટી સંખ્યમાં ઉપસ્થિત રહયા હતા. અમે સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ બાળકોને ટ્રોફી શીલ્ડ આપીને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા તેમજ સોશ્યલ ગૃપના સ્થાપક આગેવાનો તેમજ કમીટીના સભ્યોનુ સન્માન તેમજ નવા પ્રમુખની વરણી કરવામાં આવી હતી. જેમા નરેશભાઈ સોજીત્રાનીન્મિણુંક કરીને જવાબદારીને સૌ કોઈએ આવકારી હતી આમ દર વર્ષે યોજાતા સ્નેહ મિલન સફળ બનાવવા માટે આયોજકો દ્વારા મહિલાઓને આગળ કરીને ખરા અર્થમાં નારીનુ નારાયણીના સુત્રને સાર્થક કરવા તેમજ જે કામ પુરૂષો કરી શકે તે કામ મહીલાઓ પણ સુંદર રીતે કરીને આ મોટી કુંકાવાવ સોશ્યલ ગૃપ ના ૧૯મા સ્નેહ મિલનને યાદગાર બનાવ્યો હતો.


### અગાઉ ગુજરાત એસેમ્બલીમાં ભાગ લેનારા

## અમરેલીના તેજસ્વી યુવા હર્ષ સંઘાણીને યુનાઈટેડ નેશન્સ તરફથી આમંત્રણ

### ૫ ફેબ્રુઆરીએ અમેરિકા ખાતે કાર્યક્રમમાં જોડાશે


અમરેલી, તા. ૧૬

યુવાનો જે ક્ષેત્રમા હોય તે ક્ષેત્રની કઈક વિશિષ્ટ કામગીરી અને અનુભવ લોકોને જોવા–જાણવા મળ તો હોય છે. યુવાનો પણ આ બાબતે સજાગ બનીને જે તે ક્ષેત્રના વિકાસ માટે પ્રવૃત રહેતા હોય છે જેમાથી તેમની શકિત નીખરતી હોય છે તેનો અહેસાસ સમય આવ્યે સમાજ, રાજય, દેશ–વિદેશને લાભકારક નિવડતો હોય છે.



વાત છે અમરેલીના યુવા પ્રતિભાની કે, જેમણે રાજકીય ભૂમિકામાં ગુજરાત વિધાનસભામા યુવા એસેમ્બલીમા ભાગ લઈ શ્રેષ્ઠતા પુરવાર કરનાર હર્ષ મુકેશભાઈ સંઘાણી આ પહેલા પણ સ્ટેટ લેવલ પર, રાષ્ટ્રીય સ્તર હોય કે આંતરરાષ્ટ્રીય સ્તર પરની વિવિધ સ્પર્ધાઓ કે મંચ પર તેઓ તેમની નેતૃત્વ શકિતનો પરિચય આપી ચુકેલ છે આ માન્ય અને પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં ભારતના યુવા પ્રતિનિધિ તરીકે પસંદગી થવી તે તેમની અદભુત નેતૃત્વ ક્ષમતાઓ અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમના અનુભવોના કારણે શકય બન્યુ છે. તેમણે તેમના ફાઉન્ડેશન મારફતે નવીનતમ અને રાષ્ટ્ર–દેશ હિત સાથે વૈશ્વિક વિષયો પરના ઘણા બધા પ્રોજેકટમાં ભારતના યુવાનોને વિકાસ માટે જોડયા છે અને વૈશ્વિક સ્તરે અમરેલી–ગુજરાત– ભારતનું નામ રોશન કર્યુ છે તેમ યાદીમાં જણાવાયેલ છે.

## લીલીયા પોલીસ દ્વારા પે.સેન્ટર કન્યા શાળા ખાતે પતંગ વિતરણ




લીલીયા, તા. ૧૬

લીલીયા મોટા પોલીસ સ્ટેશનના પી.આઈ આઈ.જે ગીડાની ઉપસ્થિતિમાં ઉતરાયણ પર્વ નિમિત્તે પે.સેન્ટર કન્યા શાળા સ્કૂલની વિદ્યાર્થીનીઓને પતંગ વિતરણ કરવામાં આવી જે પતંગમાં ગુજરાત પોલીસ દ્વારા સ્લોગન લગાવવામાં આવેલ કે ડિજિટલ સુરક્ષાના ત્રણ પગલા જેમાં થોભ્મો, વિચારો, અને એકશન લો ના સ્લોગન વાળી પતંગોનું વિતરણ બાળાઓને કરવામાં આવેલ સાથે સાથે બાળકોને ચાઈનીઝ દોરીથી પતંગ ન ચકાવવા પણ પી.આઈ દ્વારા અપીલ કરવામાં આવી આ તકે પી.આઈ ગીડા દ્વારા સાયબર ક્રાઈમ વિશે વિસ્તૃત વિદ્યાર્થીનીઓને માહિતી આપવામાં આવે અને ટોલ ફ્રી નંબર ૧૯૩૦ વિદ્યાર્થીઓને નંબર આપી જાહેર કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદી માં જણાવેલ.

### ‘‘બેગલેસ ડે’’ની ઉજવણી અંતર્ગત

## બાબરા ખાતે ડો. કલામ પ્રાથમિક શાળામાં ‘‘બાળ સંસદ ચૂંટણી’’ યોજવામાં આવી

### આચાર્યએ ચુંટણી બાબતે માહિતગાર કર્યા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૬

બાબરામાં પોલીસ ગ્રાઉન્ડ ખાતે કાર્યરત ડો. અબ્દુલ કલામ પ્રાથમિક શાળા માં બેગલેસ ડે ની ઉજવણી નિમિતે શાળા પરિવાર દ્વાર બાળ સાંસદનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જેમાં લોકસભાની ચૂંટણી કેવી રીતે થાય સાંસદ કેમ બની શકાય સહિતની બાબતોનું માર્ગદર્શન વિદ્યાર્થીઓ ને આપવામાં આવ્યું હતું.

અહીં શાળામાં મતદાન મથક તરીકે ‘સખી બુથ’ની રચના કરવામાં આવી હતી. પ્રિસાઈડિંગ ઓફિસર, પીઓ–૧, પીઓ–૨, પીઓ–૩ હેલ્પર તરીકે શાળાની બાળાઓએ ઉત્તમ કામગિરી કરી. જયારે રૂટ અધિકારી, ઉમેદવાર, એજન્ટ, પોલીસ સ્ટાફ હેલપર, પોલિંગ સ્ટાફ તરીકે ભાઈ ઓ એ ખુબ જ ઉમદા કામગિરી કરી. પૂરો કાર્યક્રમ સુચારૂ રીતે શાંતિ થી સંપન્ન થયો હતો, લોકશાહી નો મૂળભૂત એકમ ચૂંટણી લક્ષી કામગિરી મતદાનનાં મહત્વ પ્રત્યે બાળકો નાનપણ થી જ માહિતગાર થાય તે માટે આચાર્ય પ્રકાશભાઈ રાઠોડનાં માર્ગદર્શન હેઠળ શાળા પરીવાર તરફ થી આ નમ્ર પ્રયાસ થયો છે.

કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષકો શ્વેતાબેન, વિલાસબેન, વૃંદાબેન, પ્રજ્ઞાબેન, કૃપાલીબેન, નિધીબેન, પ્રદીપભાઈ મનીષાબેન વગેરેએ બાળકો માટે ચૂંટણી પ્રક્રિયા નાવીન્ય રૂપ પ્રવૃત્તિ હોય્ આ પ્રક્રિયા મા અદભૂત ઉત્સાહ થી ભાગ લીધો. ઉમંગ ઉત્સાહ સાથે આ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવા માં આવી હતી. બાળકોમાં નાનપણ થી જ ભવ્ય ભારત ની ભવ્યતાનાં આભાસ માટે આં કાર્યક્રમો આવકાર્ય છે તેવું શાળા પરીવાર જણાવે છે.

## દામનગર ખાતે જીવદયા નંદી સેવા ટ્રસ્ટ દ્વારા મુંગા પશુઓની અનેરી સેવા

દામનગર, તા. ૧૬



દામનગર હિન્દૂ સંસ્કૃતિના દરેક તહેવારો દાન પુણ્ય પરમાર્થનો સદેશ આપે છે તેમાંય મકરસંક્રાંતિ એટલે વિશેષ મહત્વ દાન ધર્મ નું અનુમોદન કરે છે ત્યારે બળદો નું લાલન પાલન કરતી જીવદયા નંદી સેવા ટ્રસ્ટ સંસ્થાના સ્વંયમ સેવકોએ દાન દ્રવ્ય માટે ‘મરૂં પણ માગું નહિ પણ પરમાર્થ કાજે મને માંગતા ન આવે લાજ’ રોડ રસ્તા જાહેર ચોરા ચાવડી ઉપર સ્ટોલ ઉભા કરી દિવસ દરમ્યાન અબોલ જીવો માટે દાન દ્રવ્ય એકત્રિત કરવાના સેવા યજ્ઞમાં સતત ખડેપગે સ્વંયમ સેવકોએ જીવદયા નંદી શાળામાં આશ્રિત અબોલ જીવો માટે યાચીકા કરી પતંગોત્સવના બદલે પરમાર્થ પ્રવૃત્તિ કરતા અસંખ્ય યુવાનોની સેવાને સલામ છે ભાગદોડ વાળી જિંદગીમાં એક દિવસની રજામાં ઘર પરિવારથી પર રહી પર સેવા માટે તત્પર રહેતા જીવદયા નંદી સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી ઉદારદિલ દાતા અને સ્વંયમ સેવકોની વંદનીય સેવા જોવા મળી સુરત શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં મકરસંક્રાંતિ ના પાવન પર્વ એ પરોપકારની ઉદત ભાવનાએ અબોલ જીવો માટે યાચીકા કરતા યુવાનોની અદભુત સેવા સર્વત્ર ધ્યાનાકર્ષક બની રાહદારીઓ અને સ્થાનિક શહેરીજનો સ્ટોલની મુલાકાત લઈ યથા શક્તિ દાન ધર્મના આ યજ્ઞમાં મદદ કરી હતી.

## રાજુલા : અંબાજી માતાનો પ્રાગટ્ય દિવસ ઉજવાયો



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૧૫

રાજુલા શહેરમાં આવેલ ગર્લ્સ હાઈસ્કુલ નજીક અંબાજી માતાજીના મંદિરનો પ્રાગટ્ય મહોત્સવ ધામધૂમથી ઉજવાયો આ દિવસે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે આ પ્રાગટ્ય દિવસે દર્શન અભિષેક ના દર્શનનું આયોજન કરવામાં આવેલ ત્યારે તેમજ બહેનો દ્વારા કીર્તનનો કાર્યક્રમ યોજવામાં આવેલો તેમજ બપોરના મહા પ્રસાદનું આયોજન પણ કરવામાં આવેલું ત્યારે મંદિરના પૂજારી કનુબાપુ એ આ કાર્યક્રમમાં મળેલ સાથ સહકાર મળ્યો છે તે બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો.

## ખાંભા ખાતે ગ્રીન ગૃપ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદોને કીટ વિતરણ

ખાંભા, તા. ૧૬



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા ખાતે ગ્રીન ગ્રુપ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અને દાતાઓના સાત સહકારથી મકરસંક્રાંતિના તહેવાર નિમિત્તે ખાંભા શહેર ના અલગ અલગ વિસ્તારો માં જરૂરિયાતમંદ અને નિરાધાર લોકો અને બાળકોને ને ખજૂર ડાળીયા મમરા મોહન થાળ ગાંઠીયા સહિતની વસ્તુઓ ની કીટ વિતરણ કરવામાં આવી હતી અંદાજીત ૩૦થી ૩૫ જેટલા જરૂરિયા મંદ લોકોને કીટ આપવામાં આપવામાં આવી હતી આ સેવા કાર્યમાં દાતો ઓ પુરે પુરો સાથ અને સહકાર મળ્યો હતો અને ગ્રીન ગ્રુપ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાત મંદ લોકોને કરિયાણા કીટ વિદ્યાર્થીઓને ચોપડા, કપડા, ઠંડીના વાતાવરણમાં કોટ એમ જ જરૂરિયાતમને લોકોને ટિફિન સેવા તેમજ સરકારી દવાખાને ડીલેવરી સમયે શેરો એમ જ આ રીતના ગ્રીન ગ્રુપ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આવા અનેક પ્રકારના સેવા કાર્ય સાથે જોડાયેલા છે મકરસંક્રાંતિના તહેવાર નિમિત્તે ફ્રી સેવા કાર્યમાં જોડાયેલા પૂર્વ સરપંચ અમરીશભાઈ જોશી, રાજુભાઈ વાળા. ભાવિકભાઈ કલસરિયા, હરેશભાઈ વરિયા, રમેશભાઈ માંડવીયા, વિનુભાઈ ચાવડા તેમજ ગ્રીન ગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટના તમામ સભ્યો આઠ સેવા કાર્યમાં સાત અને સહકાર આપ્યો હતો. માનવ સેવા એ જ પ્રભુ સેવા તેવા હેતુથી આ સેવા કાર્ય કરવામાં આવે છે.

# બાબરા પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરનાં નિવાસ સ્થાને ઉત્તરાયણ પર્વની ઉજવણી





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ધ્વારા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરનાં નિવાસસ્થાને શહેર ભાજપના અગ્રણીઓ અને સમર્થકોની વચ્ચે ઉત્તરાયણનાં પર્વની ઉજવણી કરવામાં આવી હતી. અહીં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ધાબા ઉપર ચડી સામાન્ય લોકોની જેમ પતંગ ચગાવી હતી. ઘણી પતંગો કાપી પણ હતી. તેઓએ વિસ્તારના લોકોને ઉત્તરાયણના પર્વની શુભકામનાઓ આપી જણાવ્યું હતું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અટલ વિશ્વાસ અને નેતૃત્વમાં સમગ્ર રાજય અને દેશમાં ભાજપનો પતંગ વિકાસરૂપી ચગી રહ્યો છે જેને કોઈ કાપી ના શકે. આ તકે નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, શહેર યુવા ભાજપ અધ્યક્ષ હરેશભાઈ આખજા, નગરપાલિકા કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, રસિકભાઈ ગોજરીયા, કપિલભાઈ ચોવટીયા સહિતનાં શહેર ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સરકારી નોકરિયાતો માટે ખુશખબર

# કેન્દ્ર સરકારે આઠમાં પગાર પંચને મંજૂરી આપી દીધી

**લાંબા સમયથી રાહ જોઈ રહેલા સરકારી કર્મચારીઓ માટે મોટી ભેટ, ટૂંક સમયમાં કમિટીની રચના અને પ્રક્રિયા શરૂ થશે, પગાર-પેન્શનમાં થશે વધારો**

નવી દિલ્હી, તા.૧૬

મોદી સરકારે નવા વર્ષના પહેલા જ મહિનામાં કેન્દ્રીય કર્મચારીઓને મોટી ભેટ આપી છે. કેન્દ્ર સરકારે આઠમા પગાર પંચને મંજૂરી આપી દીધી છે. સરકારના આ નિર્ણયથી કેન્દ્રીય કર્મચારીઓને ઘણો ફાયદો થશે. આપને જણાવી દઈએ કે, સાતમા પગાર પંચની ટર્મ વર્ષ ૨૦૨૬માં પૂર્ણ થઈ રહી છે. જેને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે આઠમા પગાર પંચને લાગુ કરવાનો નિર્ણય લીધો છે. આ સિવાય કેન્દ્રીય કેબિનેટે ૩,૯૮૫ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા ત્રીજા લોન્ચ પેડને પણ મંજૂરી આપી દીધી છે. સરકારના આ નિર્ણયથી અવકાશ સંશોધન અભિયાન (સ્પેસ રિસર્ચ અભિયાન)ને વધુ વેગ મળવાની સંભાવના છે.

કેબિનેટના નિર્ણયોની માહિતી આપતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, કેન્દ્ર સરકારે ૮મા પગાર પંચને મંજૂરી આપી દીધી છે. આઠમુ પગાર પંચ ૨૦૨૬થી લાગુ થશે, આઠમા પગાર પંચના અધ્યક્ષ અને બે સભ્યોના નામની પણ ટૂંક સમયમાં જાહેરાત કરી દેવામાં આવશે.

કેન્દ્ર સરકારના ૧ કરોડથી વધુ કર્મચારીઓ અને પેન્શનરો ૮મા પગાર પંચની જાહેરાતની લાંબા સમયથી રાહ જોઈને બેઠા હતા. દર ૧૦ વર્ષે નવું પગારપંચ લાગુ કરવાની પરંપરાને કારણે કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોને આશા હતી કે બજેટ ૨૦૨૫ દરમિયાન ૮મા પગાર પંચની જાહેરાત થઈ શકે છે. જોકે, બજેટ પહેલા જ કેન્દ્ર સરકારે આઠમા પગાર પંચને મંજૂરી આપી દીધી છે.

કેન્દ્રીય કર્મચારીઓના પગાર માળખામાં ફેરફાર કરવા માટે સરકાર દર ૧૦ વર્ષે પગાર પંચની રચના કરે છે. કેન્દ્રીય કર્મચારીઓનો પગાર તેની ભલામણોના આધારે નક્કી કરવામાં આવે છે. અત્યાર સુધીમાં સાત પગાર પંચની રચના કરવામાં આવી છે. દેશમાં પ્રથમ પગાર પંચની રચના જાન્યુઆરી ૧૯૪૬માં કરવામાં આવી હતી.

આપને જણાવી દઈએ કે, અગાઉના એટલે કે સાતમા પગાર પંચની રચના ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ કરવામાં આવી હતી. આ કમિશનની ભલામણો વર્ષ ૨૦૧૬માં લાગુ કરવામાં આવી હતી. જે બાદ કેન્દ્રીય કર્મચારીઓ આઠમા પગાર પંચની જાહેરાતની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. રેલવે યુનિયન સહિત ઘણા કેન્દ્રીય સરકારી એકમોએ ૮માં પગાર પંચની માંગ ઉઠાવી હતી.

છેલ્લા પગાર પંચની રચનાને ૧૦ વર્ષથી વધુ સમય વીતી ગયો છે. સામાન્ય રીતે આગામી પગાર પંચ દર ૧૦ વર્ષે રચાય છે. જૂના પગાર પંચની જગ્યાએ નવા પગાર પંચની ભલામણોના અમલીકરણ વચ્ચે સામાન્ય રીતે ૧૦ વર્ષનો ગાળો હોય છે. આ પરિસ્થિતિમાં આઠમા પગાર પંચની રચના જરૂરી બની ગઈ હતી. પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના કાર્યકાળ દરમિયાન ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ સાતમા પગાર પંચની રચના કરવામાં આવી હતી. સાતમા પગાર પંચે લગભગ દોઢ વર્ષ પછી નવેમ્બર ૨૦૧૫માં કેન્દ્ર સરકારને તેની ભલામણો સુપરત કરી હતી. તે પછી ૭મા પગાર પંચની ભલામણો ૧ જાન્યુઆરી, ૨૦૧૬થી અમલમાં આવી, જે હાલમાં પણ અમલમાં છે.

### ગુજરાત પોલીસની નવી પહેલ

# દરેક પોલીસ સ્ટેશનમાં શરૂ કરવામાં આવશે 'સાંત્વના કેન્દ્ર'

**સાંત્વના કેન્દ્રમાં મુશ્કેલીઓને સમજીને યોગ્ય કાઉન્સેલિંગ અને કાનૂની માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૬

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત પોલીસ રાજયના નાગરિકો, ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો (સિનીયર સિટીઝન)ની સુરક્ષા અને સલામતી માટે સતત પ્રયત્નશીલ છે. રાજ્યની મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટે એક નવી પહેલ કરતાં રાજયના પોલીસ વડા વિકાસ સહાયે દરેક પોલીસ સ્ટેશનમાં 'સાંત્વના કેન્દ્ર' શરૂ કરવાનો નિર્ણય લીધો છે. સાંત્વના કેન્દ્ર' એક એવું સ્થળ હશે જ્યાં પોલીસ સ્ટેશનમાં આવતા તમામ બાળકો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોને સંવેદનશીલતા અને સહાનુભૂતિ સાથે સાંભળવામાં આવશે. તેમની મુશ્કેલીઓને સમજીને યોગ્ય કાઉન્સેલિંગ અને કાનૂની માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ કેન્દ્રોમાં વુમન હેલ્પ ડેસ્ક, ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર, ૧૮૧-અભયમ અને PSBSS(પોલીસ સ્ટેશન બેઈઝડ્ સપોર્ટ સેન્ટર) જેવી વિવિધ સેવાઓ એક જ છત નીચે ઉપલબ્ધ બનશે.

''સાંત્વના કેન્દ્ર''માં વુમન હેલ્પ ડેસ્ક, ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર, ૧૮૧-અભયમ અને PSBSS(પોલીસ સ્ટેશન બેઈઝડ્ સપોર્ટ સેન્ટર) આ ચારેય વ્યવસ્થાનો સમાવેશ કરવામાં આવશે. વર્તમાનમાં કાર્યરત આ ચારેય વ્યવસ્થાઓ એકબીજા સાથે સંકલનમાં રહીને કામગીરી કરે તે હેતુથી રાજ્યના દરેક પોલીસ સ્ટેશનમાં ''સાંત્વના કેન્દ્ર'' શરૂ કરવા નિર્ણય લેવામાં આવ્યો છે.

પોલીસ સ્ટેશનોમાં આ ચાર સેવાઓ એક જ છત નીચે ''સાંત્વના કેન્દ્ર''માં ઉપલબ્ધ બનશે

★ વુમન હેલ્પ ડેસ્ક: વુમન હેલ્પ ડેસ્ક પોલીસ સ્ટેશનમાં આવતી મહિલાઓને મદદરૂપ થવા તેમજ કાઉન્સેલીંગ કરવાની કામગીરી કરતી હોય છે.

★ ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર: ચાઈલ્ડ વેલ્ફેર પોલીસ ઓફીસર પોલીસ સ્ટેશનમાં આવતા કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકોનું કાઉન્સેલીંગ કરતા હોય છે.

★ ૧૮૧-અભયમ: ૧૮૧-અભયમની વ્યવસ્થાના માધ્યમથી મહિલાઓની સલામતી અને સુરક્ષા અંગેની કામગીરી થાય છે.

★ PSBSS (પોલીસ સ્ટેશન બેઈઝડ્ સપોર્ટ સેન્ટર): PSBSS પીડિત મહિલા તથા સામાવાળા પક્ષના સભ્યોનું કાઉન્સેલીંગ કરી પ્રશ્નોનું નિરાકરણ લાવવાની કામગીરી કરે છે.

'સાંત્વના કેન્દ્ર'ના મુખ્ય ઉદ્દેશ્યો:

★ પોલીસ સ્ટેશનમાં આવતા તમામ બાળકો, મહિલાઓ અને સિનીયર સિટીઝનને યોગ્ય રીતે, સંવેદનશીલતા અને સહાનુભુતિ સાથે સાંભળવા.

★ તેઓની મુશ્કેલીઓને સાંભળી યોગ્ય કાયદાકીય માર્ગદર્શન આપવું.

★ જ્યાં જરૂર જણાય ત્યાં યોગ્ય કાઉન્સેલીંગ કરવું.

★ પોલીસ સ્ટેશનોમાં જ્યારે બાળકો, મહિલાઓ અને સિનીયર સીટીઝનો આવે ત્યારે તેમને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે અને જે કામ માટે તેઓ પોલીસ સ્ટેશનમાં આવ્યા હોય તે કામ ત્વરીત પુર્ણ થાય તે અંગે કાર્યવાહી કરવી.

આ સાંત્વના કેન્દ્રની કામગીરી ઉપર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર/પોલીસ સબ ઈન્સ્પેકટર અંગત ધ્યાન આપી સુચવવામાં આવેલી કામગીરી તેઓ યોગ્ય રીતે કરે તે સુનિશ્ચિત કરવા રાજયના પોલીસ વડાએ સુચનાઓ આપી છે. તે ઉપરાંત દરેક પોલીસ સ્ટેશનમાં સાંત્વના કેન્દ્રને સોંપવામાં આવેલી જવાબદારીઓ અંગે યોગ્ય રીતે કાર્યવાહી થઈ રહી છે કે કેમ તે બાબતે સંબંધિત SDPO / ACP અધિકારીએ સુપરવિઝન રાખવા પણ સુચના આપવામાં આવી છે. તેવી જ રીતે કમિશ્નરેટ વિસ્તારમાં જે-તે ઝોન વિસ્તારના નાયબ પોલીસ કમિશ્નર તેમજ જિલ્લા કક્ષાએ પોલીસ અધિક્ષકએ તેમના કાર્યક્ષેત્રમાં આ કામગીરી ઉપર યોગ્ય સુપરવિઝન અને મોનીટરીંગ રાખવા આદેશ આપવામાં આવ્યા છે. રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં આ કેન્દ્રો શરૂ કરવાથી પોલીસ અને નાગરિકો વચ્ચેનું અંતર ઘટશે અને બાળકો, મહિલાઓ અને સિનીયર સીટીઝનોની સેવામાં ગુજરાત પોલીસ પોતાનું વિશેષ યોગદાન આપી શકશે.

### દિલ્હીવાસીઓને કોંગ્રેસની વધુ બે ગેરન્ટી

# ૩૦૦ યુનિટ વીજળી ફ્રી, ૫૦૦માં સિલિન્ડર અને રેશન કીટ ફ્રી

**કોંગ્રેસે જાહેરાત કરી કે જો દિલ્હીમાં કોંગ્રેસ સત્તામાં આવશે તો મોંઘવારી રાહત યોજના હેઠળ ૫૦૦માં સિલિન્ડર મળશે**

નવી દિલ્હી, તા.૧૬

દિલ્હી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેજ થઈ ગયો છે. તમામ રાજકીય પક્ષો દ્વારા જનતાને અનેક વચનો આપવામાં આવી રહ્યા છે. દરેક રાજકીય પક્ષ કોઈપણ ભોગે આ ચૂંટણી જીતવા માંગે છે. જેના કારણે અનેક પ્રકારની જાહેરાતો કરવામાં આવી રહી છે. કોંગ્રેસ પણ આ મામલે પાછળ નથી.

આ અંગે ગુરુવારે કોંગ્રેસે જાહેરાત કરી કે જો દિલ્હીમાં કોંગ્રેસ સત્તામાં આવશે તો મોંઘવારી રાહત યોજના હેઠળ ૫૦૦ રૂપિયામાં સિલિન્ડર મળશે અને તેની સાથે રાશન કીટ પણ ફ્રી આપવામાં આવશે. અગાઉ પણ કોંગ્રેસે દિલ્હીમાં રહેતા પૂર્વાંચલ અને બિહારના લોકોને મહાકુંભની જેમ છઠનો તહેવાર ઉજવવાનું વચન આપ્યું હતું. કોંગ્રેસે વચન આપ્યું છે કે છઠ તહેવાર માટે દિલ્હીમાં યમુના કિનારે એક સ્થળ નક્કી કરવામાં આવશે અને તેને જિલ્લો જાહેર કરવામાં આવશે. યમુનાના તે ઘાટનું નામ સ્વ. શ્રીમતી શારદા સિન્હાજીના નામ પર રાખવામાં આવશે. આ ઉપરાંત યુવા ઉડાન યોજના હેઠળ બેરોજગાર યુવાનોને એક વર્ષની એપ્રેન્ટિસશીપ અને દર મહિને રૂ. ૮૫૦૦ આપવાનું વચન પણ આપવામાં આવ્યું છે.

દિલ્હી વિધાનસભાની તમામ ૭૦ બેઠકો માટે ૫ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ એક જ તબક્કામાં ચૂંટણી યોજાવાની છે અને મતોની ગણતરી ૮ ફેબ્રુઆરીએ થશે. કોંગ્રેસે હવે તમામ ૭૦ બેઠકો પર પોતાના ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળની આમ આદમી પાર્ટી ચોથી વખત સત્તા મેળવવાનો પ્રયાસ કરી રહી છે. ત્યારે કોંગ્રેસ પાર્ટી દિલ્હીના લોકોને શીલા દીક્ષિતના શાસનના કાર્યોની યાદ અપાવીને તેનું ખોવાયેલું રાજકીય મેદાન પાછું મેળવવાનો પ્રયાસ કરી રહી છે.

વર્ષ ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીએ ૭૦માંથી ૬૭ બેઠકો મેળવીને બમ્પર જીત નોંધાવી હતી. તેમજ વર્ષ ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં, પાર્ટીએ ૭૦ માંથી ૬૨ બેઠકો જીતી હતી. ભાજપને ૨૦૧૫માં માત્ર ૩ અને ૨૦૨૦માં માત્ર ૮ બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. આ બંને ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી દિલ્હીમાં ખાતું પણ ખોલાવી શકી નથી.

### ચંદ્રબાબુ નાયડુની જાહેરાત

# બેથી વધુ બાળકો હશે તે જ લડી શકશે ચૂંટણી

**કોઈ વ્યક્તિ સરપંચ, મ્યુનિસિપલ કાઉન્સિલર કે મેયર ત્યારે જ બની શકે છે જો તેના બેથી વધુ બાળકો હોય**

અમરાવતી, તા.૧૬

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ એક મોટી જાહેરાત કરી છે. જેમાં તેમણે જણાવ્યું હતું કે, કોઈ વ્યકિત સરપંચ, મ્યુનિસિપલ કાઉન્સિલર કે મેયર ત્યારે જ બની શકે છે જો તેના બેથી વધુ બાળકો હોય. આ દરમિયાન તેમણે સંકેત આપ્યો કે આનાથી વસ્તી ઘટાડાને પણ રોકી શકાય છે.

મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ નરાવરીપલ્લેમાં પરિવાર અને સંબંધીઓ સાથે મકરસંક્રાંતિની ઉજવણી કરતી વખતે એક મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, પહેલાં આપણી પાસે એક કાયદો હતો જેના હેઠળ ફક્ત બેથી વધુ બાળકો ન હોય તેવા લોકોને જ સ્થાનિક સંસ્થા અને મ્યુનિસિપલ સંસ્થાની ચૂંટણી લડવાની મંજૂરી આપવામાં આવતી હતી. હવે, હું કહું છું કે ઓછા બાળકો ધરાવતા લોકોને ચૂંટણી લડવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, ભવિષ્યમાં જો તમારા બે કરતાં વધુ બાળકો હશે તો જ તમે સરપંચ, મ્યુનિસિપલ કાઉન્સિલર અથવા મેયર બની શકશો. હું આને પ્રસ્તાવિત નિયમોમાં સામેલ કરીશ.

અગાઉ મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ જણાવ્યું હતું કે, રાજ્યમાં વિકાસ દર વધવો જોઈએ. દરેક વ્યક્તિએ આ વિશે વિચારવું જોઈએ અને પરિવારોએ ઓછામાં ઓછા બે કે તેથી વધુ બાળકો પેદા કરવાનું લક્ષ્ય રાખવું જોઈએ.

નોંધનિય છે કે, કેન્દ્રના યુથ ઈન ઈન્ડિયા-૨૦૨૨ રિપોર્ટ અનુસાર, આપણા દેશમાં ૨૫ કરોડ યુવાનો ૧૫થી ૨૫ વર્ષની વયના છે. આગામી ૧૫ વર્ષોમાં તે વધુ ઝડપથી ઘટશે.

### ચૂંટણીપંચે નોંધાવી વધુ એક FIR

# શૂઝ બાદ હવે સાડી વહેંચતા પકડાયા ભાજપ નેતા પ્રવેશ વર્મા

**પ્રવેશ વર્માના ઘરે સાડીઓ વહેંચવામાં આવી રહી હોવાનો વીડિયોનો આધાર લઈ રિટર્નિંગ ઓફિસરે FIR નોંધાવી**

નવી દિલ્હી, તા.૧૬

દિલ્હી વિધાનસભા ચૂંટણી આગામી ૫ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ યોજાવાની છે. ત્યારે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પ્રવેશ વર્મા એક પછી એક કાયદાકીય મુશ્કેલીઓમાં ફસાઈ રહ્યા છે. જૂતા વહેંચવાના આરોપમાં FIR બાદ ચૂંટણી પંચે પ્રવેશ વર્મા વિરુદ્ધ વધુ એક કેસ દાખલ કર્યો છે. પ્રવેશ વર્માના ઘરે સાડીઓ વહેંચવામાં આવી રહી હોવાનો વીડિયોનો આધાર લઈ રિટર્નિંગ ઓફિસરે FIR નોંધાવી છે.

નવી દિલ્હી જિલ્લા ચૂંટણી અધિકારીએ તેમના ટ હેન્ડલ પર પ્રવેશ વર્મા વિરુદ્ધ નોંધાયેલા નવા કેસની માહિતી આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, યુટ્યુબ પર એક વીડિયો સામે આવ્યો હતો. જેમાં એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે, નવી દિલ્હી બેઠકના ભાજપના ઉમેદવાર પ્રવેશ વર્માના ઘરે સાડીઓ વહેંચવામાં આવી રહી છે. જે આચારસંહિતાનું ઉલ્લંઘન થયું છે. આ અંગે વધુ માહિતી આપતાં ચૂંટણી પંચે કહ્યું કે, આ માહિતી મળતાં અમે તાત્કાલિક એક ફલાઈંગ સ્ક્વોડ ઘટના સ્થળે મોકલી હતી. જેમાં તપાસ દરમિયાન સ્થળ પર આવી કોઈ પ્રવૃત્તિ જોવા મળી ન હતી. જોકે, વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે, કે સાડીઓનું વિતરણ થઈ રહ્યું હતું. આ પુરાવાના આધારે નવી દિલ્હી સીટના રિટર્નિંગ ઓફિસરે પોલીસમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી. પોલીસને સમગ્ર મામલાની તપાસ કરવા અને લોક પ્રતિનિધિત્વ કાયદા સંબંધિત કલમો અને અન્ય કાયદાઓ હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે કહેવામાં આવ્યું છે. પ્રવેશ વર્મા સામે કાર્યવાહી ન કરવાના આમ આદમી પાર્ટીના આરોપોનો પણ જવાબ આપવામાં આવ્યો છે. કમિશને કહ્યું કે, ચૂંટણી તંત્ર કાર્યવાહી કરી રહ્યું નથી, તેવા આરોપો પાયાવિહોણા છે. જિલ્લા ચૂંટણી કાર્યાલય આચારસંહિતાના કડક અમલ કરાવવા માટે પ્રતિબદ્ધ છે અને કોઈપણ ઉલ્લંઘનની સક્રિય નોંધ લેવામાં આવી રહી છે.

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### વડનગરના ૨૫૦૦ વર્ષના ઈતિહાસને જાણી શકાશે

# ગૃહપ્રધાન અમિત શાહે આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમનું કર્યું લોકાર્પણ

**કેન્દ્રીય પ્રધાન અમિત શાહે કહ્યું કે વડનગરના ૨૫૦૦ વર્ષના ઈતિહાસને પ્રત્યક્ષ અનુભવવાનો મળશે અવસર**

વડનગર, તા.૧૬

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે આજે વડનગરમાં ખાતે આવેલા પુરાતત્ત્વ પ્રાયોગિત સંગ્રહાલયનું ઉદઘાટન કર્યું છે. ૨૯૮ કરોડના ખર્ચે નિર્મિત આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમનું લોકાર્પણ કર્યું છે. ''અનંત અનાદિ વડનગર''. એ નગર કે જે ભારતના સૌથી પ્રાચીન નગરોમાંથી એક મનાય છે. ગુજરાતની ઐતિહાસિક નગરી તરીકે પ્રસિદ્ધ વડનગરમાં હવે ભવ્ય ઈતિહાસની ઝાંખીની જોવાની તક મળવાની છે. વડનગરમાં દેશનું પહેલું અને વિશ્વનું બીજું સૌથી મોટું આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમ તૈયાર થઈ ચુક્યું છે. ''એક્સપિરિયન્સ'' મ્યુઝિયમની વિશેષતા જ એ છે કે તમને અહીં માત્ર ઈતિહાસ જાણવા નથી મળતો પરંતુ તેને અનુભવવાની તક મળે છે.

પ્રાચીન કાળમાં વડનગર એ અનર્તપુર અને આનંદપુર જેવા નામોથી પ્રસિદ્ધ હતું. કહે છે કે સાત અલગ-અલગ ''કાળખંડ''માં અહીં સાત અલગ-અલગ રાજવંશોએ શાસન કર્યું. મ્યુઝિયમમાં આ તમામ વિગતો જાણવા મળે છે. આ સાથે જ તે સાત કાળખંડની માટીઓને સ્પર્શવાનો અવસર મળે છે. લોકો વડનગરના ઈતિહાસને નજીકથી સમજી શકે તે માટે વડનગરની ઉત્ખનન સાઈટની બરાબર બાજુમાં આ મ્યુઝિયમ તૈયાર કરાયું છે. અને ખોદકામમાં મળેલા ઐતિહાસિક પુરાવાઓને મ્યુઝિયમમાં મુકવામાં આવ્યા છે.

ખોદકામ દરમિયાન મળેલા લગભગ ૫ હજાર જેટલાં પ્રાચીન અવશેષો મ્યુઝિયમમાં ગોઠવવામાં આવ્યા છે. તેને તેના મૂળ રૂપમાં સાચવવાનો પ્રયાસ કરાયો છે. પ્રાચીન કાળમાં વડનગર પ્રમુખ વેપારી કેન્દ્રોમાંથી એક હતું. અને એટલે જ હિન્દુ, બૌધ, જૈન અને ઈસ્લામ ધર્મના સંગમનું એક જીવંત કેન્દ્રબિંદુ બન્યું હતું. સદીઓ પૂર્વે અહીં જીવન કેવું હતું.. લોકોની રહેણી-કરણી કેવી હતી. વિવિધ કાળખંડમાં કેવી ઈંટોથી મકાનો બનતા તેની માહિતી અહીં લોકોને ઉપલબ્ધ બનશે.

આ પહેલું એ પ્રકારનું સંગ્રહાલય છે કે જેને કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે રાજ્યના પુરાતત્વ અને સંગ્રહાલય નિદેશાલયના સહકારથી તૈયાર કર્યું છે. ૨૧ મીટર ઊંચાઈના ૩૨૬ પીલ્લર પર ઊભેલા ૪ માળના આ ભવ્ય મ્યુઝિયમને તૈયાર કરવામાં આવ્યુ છે. હાઈ ટેક્નોલોજીની મદદ લેવાઈ છે. માહિતીઓને શક્ય તેટલી ડિજિટલ કરવાનો પ્રયાસ કરાયો છે. જેથી સંશોધકોને અને યુવા વિદ્યાર્થીઓને મોટાપાયે તેનો લાભ મળી શકે. મ્યુઝિયમ અલગ-અલગ કાળની કલા, શિલ્પો અને સ્થાપત્યની માહિતી ઉપલબ્ધ કરાવે છે. વડનગરમાં ખોદકામ દરમિયાન પુરાતત્વ વિભાગને બૌદ્ધ મઠોના પણ અવશેષો મળ્યા છે. છેલ્લાં ૨૫૦૦ વર્ષથી આ શહેરમાં સતત માનવજીવન ધબકતું રહ્યું છે અને વિકસીત થતું રહ્યું છે. આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સ મ્યુઝિયમની વિશેષતા જ એ છે કે તેને પુલના માધ્યમથી વડનગરની જીવંત ઉત્ખનન સાઈટ સાથે જોડવામાં આવ્યું છે. પુરાતત્વમાં રસ ધરાવનારા લોકો માટે મ્યુઝિયમની મુલાકાત ''અમૂલ્ય અવસર'' બની રહેશે.

આ મ્યુઝિયમમાં દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમ અને વિશેષ પ્રદર્શનો સાથે પુરાતત્વનો અનુભવ મળશે. ૧૨ હજાર ૫૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલું છે. ૨૯૮ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલું આ મ્યુઝિયમ ખરાં અર્થમાં એક મુલાકાતીઓ માટે ક્યારેય ન ભૂલાય તેવો અનુભવ બની રહેશે.

### BSP સુપ્રીમો માયાવતીને મળી બર્થ ડે ગિફ્ટ

# સુપ્રીમ કોર્ટે માયાવતીના ૧૫ વર્ષ જૂના કેસનો નિવેડો લાવી દીધો

**સુપ્રીમ કોર્ટની પીઠે કહ્યું કે, મૂર્તિઓની સ્થાપના પર રોક ન લગાવી શકાય કેમ કે તે પહેલાથી સ્થાપિત થઈ ચૂકી છે**

નવી દિલ્હી, તા.૧૬

બીએસપી સુપ્રીમો માયાવતીને રાહત આપતા, સુપ્રીમ કોર્ટે બુધવારે ૨૦૦૯માં દાખલ એક અરજીનો નિવેડો લાવી દીધો, જેમાં ઉત્તર પ્રદેશ સરકારના બજેટમાંથી ૨૦૦૦ કરોડ રૂપિયાથી વધારેના ખર્ચની તપાસની માગ હતી. માયાવતી રાજ્યના મુખ્યમંત્રી હતા, તો આ ખર્ચ હાથીની મૂર્તિઓ અને વ્યક્તિગત મહિમામંડન પર કર્યો હતો. આ નિર્ણય તે દિવસે આવ્યો, જ્યારે માયાવતી ૬૯ વર્ષના થઈ ગયા. જસ્ટિસ બી.વી. નાગરત્ના અને સતીશ ચંદ્ર શર્માની પીઠે રવિકાંત અને સુકુમાર દ્વારા દાખલ અરજીને એવું કહેતા નિવારણ લાવી દીધું કે મોટા ભાગની અરજીઓ અપ્રાસંગિક થઈ ગઈ છે.સુપ્રીમ કોર્ટની પીઠે કહ્યું કે, ચૂંટણી પંચે આ અગાઉ આ મુદ્દા પર દિશાનિર્દેશ જાહેર કરી દીધા છે અને મૂર્તિઓની સ્થાપના પર રોક ન લગાવી શકાય કેમ કે તે પહેલાથી સ્થાપિત થઈ ચૂકી છે. વકીલો દ્વારા દાખલ જાહેર હિતની અરજીમાં આરોપ લગાવ્યો હતો કે ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના રાજ્યના બજેટમાંથી લગભગ ૨૦૦૦ કરોડ રૂપિયાનો ઉપયોગ કર્યો હતો. જ્યારે માયાવતી મુખ્યમંત્રી હતા, તો તેમની અને બહુજન સમાજ પાર્ટીના ચૂંટણી ચિન્હ હાથીની મૂર્તિઓની સ્થાપના માટે આ પૈસા ખર્ચ કર્યા હતા.પ્રકાશ કુમાર સિંહ દ્વારા દાખલ અરજીમાં દાવો કર્યો હતો કે, ૬૦ હાથીની મૂર્તિઓની સ્થાપના પર ૫૨.૨ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા, જે ન ફક્ત સાર્વજનિક ધનની બરબાદી હતી, પણ ચૂંટણી પંચ દ્વારા જાહેર સર્કુલરની વિરુદ્ધ હતું. ૨ એપ્રિલ ૨૦૧૯ના રોજ માયાવતીએ પોતાના નિર્ણયનો બચાવ કરતા સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, તેમના કાર્યકાળ દરમ્યાન ઉત્તર પ્રદેશમાં વિવિધ જગ્યા પર તેમના જીવન આકારની મૂર્તિઓ અને બીએસપીના ચૂંટણી ચિન્હની સ્થાપના જનતાની ઈચ્છાનું પ્રતિનિધિત્વ કરે છે.

### દિલ્હી વિધાનસભા ચૂંટણી

# ભાજપે જાહેર કરી દીધી ઉમેદવારોની ચોથી યાદી

**ગ્રેટર કૈલાશ વિધાનસભા સીટથી શિખા રાયને ટિકિટ**

નવી દિલ્હી, તા.૧૬

દિલ્હી ચૂંટણી માટે ભાજપે ચોથી યાદી જાહેર કરી દીધી છે. પાર્ટીએ બાબરપુર વિધાનસભા સીટથી અનિલ વશિષ્ઠને ઉમેદવાર બનાવ્યા છે. પહેલા એવું માનવામાં આવતું હતું કે, આ સીટ પરથી નૂપુર શર્માને મેદાનમાં ઉતારશે. પણ સૂત્રોના જણાવ્યા મુજબ તેમના નામ પર ચર્ચા થઈ નથી.

ભાજપે ગ્રેટર કૈલાશ વિધાનસભા સીટથી શિખા રાયને ટિકિટ આપી છે. તેમની ટક્કર આમ આદમી પાર્ટીના ઉમેદવાર અને મંત્રી સૌરભ ભારદ્વાજ અને કોંગ્રેસના ગર્વિત સાંધવી સાથે થશે. શાહદરાથી સંજય ગોયલ ઉમેદવાર બનાવ્યા છે. તો વળી દિલ્હી કૈન્ટથી ભુવન તંવર ઉમેદવાર હશે.

આ ઉપરાંત સંગમ વિહારથી પાર્ટીએ ચંદન કુમાર ચૌધરીને ટિકિટ આપી છે. પૂનમ શર્મા વજીરપુરથી ઉમેદવાર હશે. બવાના સુરક્ષિત સીટથી રવિન્દ્ર કુમાર ઉમેદવાર બનાવ્યા છે. ત્રિલોકપુરીથી રવિકાંત ઉજ્જૈન ચૂંટણી મેદાનમાં હશે. ગોકુલપુરથી પ્રવીણ નિમેષને ઉમેદવાર બનાવ્યા છે. આ દરમ્યાન નીતિશ કુમારની પાર્ટી પણ દિલ્હીના ચૂંટણી મેદાનમાં કુદી ચુકી છે.

જેડીયૂએ પાર્ટીના દિલ્હી અધ્યક્ષ શૈલેન્દ્ર કુમારને બુરાડીથી ઉમેદવાર બનાવ્યા છે. જેડીયૂએ પણ સ્પષ્ટ કહી દીધું છે કે, તે ફક્ત એક સીટ પર જ વિધાનસભા ચૂંટણી લડશે. જેડીયૂ ભાજપ સાથે મળીને ચૂંટણી લડશે.

### ચાંદીમાં પણ થયો ઉછાળો

# લગન સિઝન શરૂ થતાં જ સોનાના ભાવમાં થયો વધારો

નવી દિલ્હી, તા. ૧૬

લગ્નની મોસમમાં બુલિયન બજારમાં ઉતાર-ચઢાવ ચાલુ રહે છે. આ ઉતાર-ચઢાવ વચ્ચે ગુરુવારે (૧૬ જાન્યુઆરી) સોનાની ચમક ફરી વધી ગઈ છે. બજાર ખુલતાની સાથે જ સોનું પ્રતિ ૧૦ ગ્રામ ૧૧૦ રૂપિયા મોંઘુ થઈ ગયું. તે જ સમયે, જો આપણે ચાંદીની વાત કરીએ તો તેની કિંમતમાં પણ વધારો થયો છે. ચાંદી પ્રતિ કિલો ૧૦૦૦ રૂપિયા મોંઘી થઈ ગઈ છે.

ગુરુવારે બુલિયન માર્કેટમાં ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧૧૦ રૂપિયા વધીને ૮૦૨૨૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો છે. દિલ્હી, રાજસ્થાન, યુપી, હરિયાણા જેવા રાજ્યોમાં ૨૪ કેરેટ સોનાનો ભાવ ૮૦,૨૦૦ રૂપિયાથી ઉપર ટ્રેડ થઈ રહ્યો છે. ૨૨ કેરેટ સોનાની કિંમત વિશે વાત કરીએ, તો બજારમાં તેની કિંમતમાં ૧૦૦ રૂપિયાનો વધારો થયો છે. આ પછી તેની કિંમત ૧૦ ગ્રામ દીઠ ૭૩૫૫૦ રૂપિયા થઈ ગઈ. અગાઉ ૧૫ જાન્યુઆરીએ તેની કિંમત ૭૩૪૫૦ રૂપિયા હતી.૧૮ કેરેટ સોનાની વાત કરીએ, તો ગુરુવારે બજારમાં તેનો ભાવ ૮૦ રૂપિયા વધીને ૬૦૧૮૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો. અમદાવાદમાં આજે સોનાનો ભાવ ૨૪ કેરેટ માટે ૧૦ ગ્રામ દીઠ ૮૦,૧૨૦ રૂપિયા અને ૨૨ કેરેટ માટે ૭૩,૪૫૦ રૂપિયા છે. દેશમાં હાલમાં લગ્નની સિઝન ચાલી રહી છે. ત્યારે આ ભાવ વધારો લોકોને પરેશાન કરી શકે છે .

### સખી મંડળો અથવા ખેડૂત ગ્રુપ, ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓને

# ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટેની માળખાકિય સુવિધાના નિર્માણ માટે રૂા.૧.૨૦ લાખ સુધીની સહાય

અમરેલી, તા.૧૬

રાજયમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન, સહાય મળી રહે તે ઉદ્દેશ્ય સાથે રાજય સરકાર સતત કાર્યરત છે. ગુજરાત રાજય સરકાર દ્વારા ગૅશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ, સખીમંડળ અને ખેડૂત ગ્રુપ દ્વારા પ્રાકૃતિક કૃષિ માટે જરૂરી જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત વગેરે બનાવી ખેડૂતોને વિતરણ કરવા જઢરી માળ ખાકિય સુવિધા માટે સંસ્થાઓ-ગ્રુપને પ્રોત્સાહન આપવા સહાય યોજના અમલી છે.

પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં જઢરી જીવામૃત-ઘન જીવામૃત, બીજામૃત, પાક સંરક્ષણ શસ્ત્રો વગેરે બનાવવા માટે દેશી ગાય એ પાયાની જઢરિયાત છે.

દેશી ગાય ન રાખી શકતા હોય કે દેશી ગાય ન હોય ત્યારે અસરકારક રીતે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ મુજબ ખેતી થઈ શક્તિ નથી. આવું ન બને તે માટે રાજય સરકાર દ્વારા સહાય ચૂકવવામાં આવે છે.

પ્રાકૃતિક કૃષિ માટેજીવામૃત ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળખાકીય સુવિધાના નિર્માણ માટે યોજના અન્વયેની જરૂરી વિગતો મુજબ, સખી મંડળો અથવા ખેડૂત ગ્રુપને ૫૦ ટકા સુધીની સહાય રૂ.૬૦,૦૦૦ની મર્યાદામાં મળવાપાત્ર થશે. જેમાં જીવામૃત બનાવવા માટે એચડીપીઈ ટાંકી ૫,૦૦૦ લિટરની ક્ષમતાની બનાવવાની રહેશે. ઘન જીવામૃત બનાવવા માટે પાકું મજબૂત ૨૦૦ ચોરસ ફુટનું ભોંયતળિયું બનાવવાનું રહેશે. ઉપરાંત પ્લાસ્ટિકના ૨૦ લીટરના ૨૦ કેરબા, ૫ નંગ ડોલ ટોકર અને ૧ નંગ સ્ટરર વગેરે માળ ખાકીય સુવિધાઓને સાંકળી લેવાની રહેશે.

ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ કે એફપીઓએ પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત-ઘનજીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળખાકીય સુવિધા માટે ૧૦,૦૦૦ લિટરની ક્ષમતા વાળી ટાંકી, ૪૦૦ ચોરસ ફૂટનું પાંકુ ભોંયતળિયું વગેરે માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવું. આ માટે ૫૦ ટકા અથવા રૂ.૧.૨૦ લાખની મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે.

ગુજરાત રાજયમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધે તે માટે રાજયના ખેડૂતોને જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે.

પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના પ્રાથમિક તબક્કે પ્રોત્સાહક પરિણામો જોતા રાજયના અનેક ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિઅપનાવતા થયા છે. વધુ જાણકારી માટે પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા પ્રોજેકટની કચેરી, ખેડૂત તાલીમ કેન્દ્ર, ચક્કરગઢ રોડ, અમરેલીનો સંપર્ક કરવો.

# અંજીર : શિયાળામાં એક અંજીર શરીર માટે ખૂબ જ ગુણકારી

અમરેલી, તા. ૧૬

ઋતુ બદલાતા, ખરાબ વાતાવરણઅનેહવામાંભેજહોવાનેકારણે ગળું ખરાબ થવું, શરદી-ખાંસીની અસર થાયછેત્યારેઅંજીરશિયાળામાંખવાતુસેથી મનપસંદ અને ઉપયોગી ફળ છે. તાજા અંજીરમાંવિટામીનએસૌથીવધારેપ્રમાણમાં હોયછે. અંજીરએકસ્વાદિષ્ટ, સ્વાસ્થ્યવર્ધક અને ખૂબ જ ઉપયોગી ફળ છે. વૈજ્ઞાનિકો અનુસારઅંજીરનાંડ્રાયફ્રૂટમાંકાર્બોહાઈડ્રેટ ૬૩ટકા, પ્રોટીન૫.૫ટકા, સેલ્યુલોઝ૭.૩ ટકા, ખનિજ ક્ષાર ૩ ટકા, અમ્લ ૧.૨ ટકા અને પાણી ૨૦.૮ ટકા હોય છે. વિટામીન બીઅનેવિટામીનસી પણહોય છે. અંજીર ખાવાથી ઘણા ફાયદાઓ થાય છે.



-મહિલાઓમાંબ્રેસ્ટકેન્સરનીબિમારીઓ વધીરહીછે. મહિલાઓમાંથતાબ્રેસ્ટકેન્સર માટેતેખૂબજલાભકારીછે. એવુંકહેવાયછે કેદરરોજ અંજીર ખાવાથી તેનુંજોખમ ઘટી જાય છે.

-અંજીરમાં ફાઈબર હોય છે જે પાચનક્રિયામાં મદદ કરે છે. કબજિયાતની સમસ્યાદૂર કરવામાંઅંજીર લાભદાયીછે. દરરોજત્રણઅંજીરખાવાથીકબજિયાતની સમસ્યાથી છૂટકારો મળીશકેછે.

-ફેફસાંનાંરોગમાંપાંચઅંજીર એક ગ્લાસ પાણીમાં ઉકાળીને, ગાળીને સવાર-સાંજ પીવુંજોઈએ.


-અંજીરનાસેવનથીસુકીખાંસીનીસમસ્યા પણ દૂર થઈ જાય છે.

મિત્તલખેતાણી, (મો.૯૮૨૪૨૨૧૯૯૯)

# સાવરકુંડલા : સંતશ્રી ધનાબાપુનો આશ્રમ એટલે ભજન અને ભોજનનું અલખધામ

સાવરકુંડલા, તા. ૧૬





સાવરકુંડલા ખાતે આવેલ સંત શ્રી ધનાબાપુના આશ્રમમાં દર પૂર્ણિમાના રોજ ભોજન ભજનનો અનોખો મહાયજ્ઞ યોજાયછે. આમ તો અહીં કોઈ પણ નાત જાતના ભેદભાવ રાખ્યા વગર બારેમાસ ભોજન પ્રસાદ શરૂ હોયછે. અનેઅહીંઆવતાંતમામને ખૂબ જ હેત પ્રિતથી આ આશ્રમના મહંત રામજીબાપુ પોતેસ્વયંજમાડે છે. તોદર પૂનમનારોજહેમંત પરમાર જેવાંઅનેક ભજનીકો પોતાના ભજનના સૂર દ્વારા અલખની આરાધના કરે છે. અનેકનામી અનામીભજનીકોદર પૂનમનારોજઅહીં સાવરકુંડલાના ધનાબાપુ આશ્રમ ખાતે હરિનો નાદ અને અલખની આરાધના સાથે આખી રાત ભજનની રમઝટ બોલાવીપ્રભુનેરાજી કરવાનોપ્રયાસ કરે છે. ભક્તિ અને ભોજનના સંત પ. પૂ. ધનાબાપુના સિધ્ધાંતને ચરિતાર્થ કરતાં સેવકસમુદાયસાથેઆઆશ્રમના મહંત રામજી ભગત ગુરૂ પ્રસાદી સમજીને અલખની આરાધના કરતાં નજરે પડે છે. આઆશ્રમમાંબારેમાસભૂખ્યાનેપ્રેમથી ભોજન પ્રસાદ પ પૂ. રામજીબાપુ પોતે પોતાના હસ્તે પ્રેમપૂર્વક જમાડે છે. આમ ગુરૂમહિમાનીપરંપરાનેઆગળધપાવી રહ્યા છે. આ આશ્રમના સેવકગણ અશોકભાઈ, બિપીનભાઈ, દાનાભાઈ, કાનાભાઈ, પ્રકાશભાઈ, હસુભાઈ સેવક, કાળુભાઈ, મૂળજી ભગત જેવાં બાપુના સેવકોઆઆશ્રમમાંયથાશક્તિ પોતાની સેવા અર્પણ કરતાંજોવા મળે છે. ખાસતો ધનાબાપુના જીવન ચરિત્રના સાક્ષી રૂપે આજે પણ આ આશ્રમની દિવાલો પર એમણેલખેલાસૂત્રોપણજીવનનામર્મનો સારસમજાવેછે. વિશેષમાંઆઆશ્રમની વાત કરીએ તો કોરોના કાળમાં પણ પ.પૂ.ધનાબાપુઅહીંદોઢસોબસોલોકોને એક જ પગંતમાં ભોજન પ્રસાદ ગ્રહણ કરાવતાં એ જ એના તપનું પરિમાણ છે. વળી સમગ્ર વિશ્વ જયારે આ કોરોના વાયરસથી ફડફડતુંહતુંત્યારે ધનાબાપુ ઈશ્વરની ભક્તિ સાથે અનેક ભૂખ્યા લોકોને ભોજન કરાવતા અને આવી વિકટ પરિસ્થિતિમાંઈશ્વર પરઅનન્ય શ્રધ્ધા અને ભક્તિના તપોબળથી આ આશ્રમમાં અનેક લોકોના સંસર્ગમાં આવ્યા છતાં એક પણ કોરોનાનો કેસ આ આશ્રમ ખાતે નોંધાયો ન હતો. સમય હોય અને સાવરકુંડલા આવવાનું થાય તો એક વખત આ આશ્રમના દર્શનાર્થે અવશ્ય જવું.

### દર્દીનારાયણની વિનામૂલ્યે સેવા કરતી

# ટીંબીની શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલને ધારાસભ્ય તળાવીયાએ એમ્બ્યુલન્સ ભેટ કરી

## ટ્રસ્ટીગણ દ્વારા ધારાસભ્યનો આભાર માનવામાં આવ્યો

અમરેલી, તા.૧૬

ટિંબી સ્થિત સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલને આજેએકઅતિઆધુનિકટેકનોલોજીથી સજજ એમ્બ્યુલન્સ અર્પણ કરવામાં આવી છે. આ એમ્બ્યુલન્સ કાચરડી (ઢસા જં) ના વતની પરેશભાઈ પુનાભાઈ તળાવિયા અને લાઠી - બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાદ્વારાતેમનાસ્વ. પિતા પુનાદાદાની સ્મૃતિમાં અર્પણ કરવામાં આવી છે.





આ એમ્બ્યુલન્સમાં આઈસીયુ સુવિધા પણ ઉપલબ્ધ છે, જેથી ઈમરજન્સીમાં દર્દીઓને હાઈર સેન્ટરમાંખસેડવામાંસરળતા રહેશે. આ એમ્બ્યુલન્સ ઢસા વિસ્તારના દર્દીઓ માટે ખૂબ ઉપયોગી સાબિત થશે.

આ અર્પણવિધિમાં પરમ વંદનિય સંત અમરગીરીબાપુ (ગરાળ આશ્રમ - ઉના) નાં કરકમળો દ્વારા હોસ્પિટલનાં મેડીકલ સુપ્રિ. ડો.નટુભાઈ રાજપરા અને ટ્રસ્ટી સર્વો અશોકભાઈ ગીડા, બી.એલ.રાજપરા, રસીકભાઈ ભીંગરાડિયાને ઢસા વિસ્તારના અગ્રણી ઉધોગપતિઓની ઉપસ્થિતિમાં મુરલીધર કોટનઈન્ડસ્ટ્રીઝજંકશનખાતે કરવામાં આવી હતી.

હોસ્પિટલટ્રસ્ટીમંડળદ્વારા પરેશભાઈ પુનાભાઈ તળાવિયા અને જનકભાઈ તળાવિયા તેમજ તેમનાં પરિવારજનોનો હૃદયપૂર્વકનો આભાર માનવામાં આવ્યો છે.

આ એમ્બ્યુલન્સ દર્દી નારાયણોની સેવામાં મહત્વનો ફાળો આપશે તેવી આશા રાખવામાં આવે છે.

# થોરડી અંધ શાળા દ્વારા પ્રવાસ યોજાયો





રાજુલા, તા.૧૬

રાજુલાસાવરકુંડલારોડ પર આવેલ થોરડી ગામે આવેલ શ્રી નિવાસી અંધ મંદિરના બાળકોને સૌ પ્રથમ બાળકોને ચોટીલા મુકામે ચામુંડા માતાજીના દર્શન કરાવીપ્રવાસનોશુભારંભ કર્યોહતો. બાળકોએ હોશ ભેર ચોટીલા ડુંગર ચડી પ્રવાસની મજા માણવાની શરૂઆત કરી હતી. ત્યારબાદ મોગલધામ-કબરાઉમાં મોગલના દર્શન કરીબપોરનોપ્રસાદ લઈ જેસલ તોરલની સમાધિ અંજાર મુકામે દર્શન કર્યાહતા. અનેસાંજે માંડવી મુકામે પહોંચ્યા અને ત્યાં બાળકોને ભોજન કરાવીઅનેત્યાંરાત્રીરોકાણ કર્યુંહતું સાથે સાથે માંડવી બીચ ઉપર લઈ જવામાં આવ્યા ત્યાં બાળકોએ પોતાની ઈચ્છા અનુસાર ઉટ સવારી, રેસકાર વગેરે કરી હતી ત્યાંથી વિજય વિલાસ પેલેસ ની મુલાકાત કરાવીઅનેરાજા રજવાડાઓની બાંધકામ પદ્ધતિની વાત વાકેફ કર્યા ત્યારબાદ અંબેધામ-ગોધરાનીમુલાકાત લીધી તેમજ માતાના મઢ-આશાપુરા માના દર્શન કરાવેલા અને અંતમાં પ્રવાસના ત્રીજાદિવસેસવારે બાળકોને ખેતા બાપાની જગ્યા-વિથોણ મુકામે બાલવાટિકાની મુલાકાત લેવડાવી હતી ત્યારબાદ ત્યાંથી નીકળી ભુજ મુકામે ભુજની સંસ્કૃતિને ઉજાગર કરતા મ્યુઝિયમની મુલાકાત લેવડાવી તેમજ ભુજની પ્રખ્યાત દાબેલી સૌ વિદ્યાર્થીઓને ખવડાવી અને સીધા જ સફેદ રણ ઘોરડોની મુલાકાત લેવડાવી હતી બાળકોને સફેદ રણની આહલાદકતાથી પરિચિત કરી રાસ રમાડવામાં આવેલ આ પ્રવાસ સૌ દાતાઓના સહયોગથી થયો તે બદલ નિવાસી અન વિદ્યાલય પરિવાર સૌનો આભાર વ્યક્ત કરવામાં આવેલો આ પ્રવાસમાં જલારામ ટ્રાવેલ્સ -રાજુલાની બસ બાંધવામાં આવેલ અને જેના તરફથી પણ સાથ અને સહકાર મળેલો.

### એઆરટીઓ અને ૧૦૮ ટીમ દ્વારા

# અમરેલીનાં નવા માર્કેટયાર્ડ ખાતે રોડ સેફટી માસની ઉજવણી કરાઈ

## ટ્રાફિકનાં નિયમોન ચુસ્તપણે પાલન કરવા અનુરોધ

અમરેલી, તા.૧૬

અમરેલીના સાવરકુંડલા રોડ સ્થિત માર્કેટિંગ યાર્ડ ખાતે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૫ અંતર્ગત એ.આર.ટી.ઓ. અમરેલી અને ૧૦૮ ટીમ અમરેલી વિભાગ દ્વારા રોડ સેફટીને લઈને જનજાગૃત્તિ કાર્યક્રમ યોજાયો હતો.

શહેર અને ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો અને વાહન ધારકોને અકસ્માત નિવારવા રોડ સેફટી અંગે માર્ગદર્શન આપવામા આવ્યું હતુ. માર્કેટિંગ યાર્ડ ખાતે ૨૦૦ થી વધુ વાહનોમાં વિનામૂલ્યે રેડિયમ પટ્ટી લગાવવામાં આવી હતી.







વાહન ચલાવતી વખતે સીટ બેલ્ટ બાંધવા, હેલ્મેટ પહેરવું, ડ્રાઈવીંગ શરૂ હોય ત્યારે મોબાઈલનો ઉપયોગ ન કરવો, રોંગ સાઈડ વાહન ન ચલાવવા, ઓવર સ્પીડ ન કરવી તથા ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

અકસ્માત નિવારવા માટે રેડિયમ રિફલેકટર પટ્ટીઓ ફરજિયાત લગાવવી જરૂરી છે. વાહન અકસ્માત સમયે એક કલાકના (ગોલ્ડન અવર) સમયમાં મદદ મળતા જિંદગી બચી શકે છે, તત્કાલ ૧૦૮ને ફોન કરવાથી જીવ બચી શકે છે.

તત્કાલ કોલ કરનાર અને મદદ કરનાર વ્યક્તિને ગુડ સમરીટન કહેવાય છે. ગુડ સમરીટનને કલેકટરના હસ્તે રૂા.૫ હજારનું રોકડ ઈનામ આપીને પ્રોત્સાહન આપવામાં આવે છે.

રોડ સેફટી કાર્યક્રમમાં ૧૦૮ ટીમ દ્વારા પ્રાથમિક સારવાર ટ્રેઈનિંગ (સીપીઆર) ડેમોસ્ટ્રેશન સાથે વિગતો આપવામાં આવી હતી, તેમ અમરેલી જિલ્લા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### હવામાન વિભાગના મતે સૌથી ગરમ વર્ષ

# વરસાદ-લૂના કારણે ૨૦૨૪માં ૩૦૦૦થી વધુના મોત નિપજ્યા

## નિષ્ણાતોએ કહ્યું છે કે ગયા વર્ષે પૃથ્વીનું તાપમાન વર્ષ ૧૯૦૧ પછી સૌથી વધુ હતું તેની અસર ભારત પર પણ જોવા મળી હતી

નવી દિલ્હી, તા.૧૬

ભારતીય હવામાન વિભાગ (IMD) એ બુધવારે તેના ૧૫૦ વર્ષ પૂરા થવાના અવસર પર તેનો વાર્ષિક આબોહવા સારાંશ ૨૦૨૪ જાહેર કર્યો છે. આ રિપોર્ટમાં ભારતમાં ગયા વર્ષે હવામાન સંબંધિત ઘટનાઓની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. તેમાં હવામાન સંબંધિત ઘણા ડેટા પણ રજૂ કરવામાં આવ્યા છે જે ડરાવી શકે છે. નોંધનીય છે કેવર્ષ ૨૦૨૪ પૃથ્વી પર અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ હોવાનું કહેવાય છે. નિષ્ણાતોએ કહ્યું છે કે ગયા વર્ષે પૃથ્વીનું તાપમાન વર્ષ ૧૯૦૧ પછી સૌથી વધુ હતું. તેની અસર ભારત પર પણ જોવા મળી હતી જ્યાં હવામાન પરિવર્તનને કારણે હવામાન સંબંધિત આફતોએ મોટા પાયે વિનાશ કર્યો હતો.

IMDના આ રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૪માં દેશમાં હવામાન સંબંધિત ગંભીર ઘટનાઓના કારણે ૩૨૦૦થી વધુ લોકોના મોત થયા છે. જો આપણે આનું વિશ્લેષણ કરીએ તો, ગયા વર્ષે ભારતમાં વીજળી અને તોફાનને કારણે ૧૩૭૪ લોકોના મોત થયા હતા. તેમજ પૂર અને ભારેવરસાદના કારણે ૧૨૮૭ લોકોના મોત થયા હતા અને હીટવેવ્સને કારણે ૪૫૯ લોકોના મોત થયા હતા. આ સિવાય આ રિપોર્ટ એ પણ દર્શાવે છે કે ઘણી જગ્યાએ વર્ષ ૧૯૦૧ થી તાપમાન અને વરસાદ બંનેના સંદર્ભમાં નવા રેકોર્ડ નોંધાયા છે. જેમાં પોરબંદરમાં ૧૯ જુલાઈ, ૨૦૨૪ના રોજ ૪૮૫.૮ મીમી વરસાદ સાથે એક દિવસમાં સૌથી વધુ વરસાદનો નવો રેકોર્ડ નોંધાયો હતો. ગરમી પણ ચરમસીમાએ રહી હતી. રાજસ્થાનના ચુરુમાં ૫૦.૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જો આપણે રાજ્ય મુજબની પરિસ્થિતિ વિશે વાત કરીએ તો, બિહારમાં વીજળી અને તોફાનને કારણે સૌથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે કેરળમાં, પૂર અને ભારે વરસાદ સૌથી ખરાબ તરીકે ઉભરી આવ્યો છે. આ બે રાજ્યો સિવાય ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં પણ ખરાબ હવામાનના કારણે મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે.

### બેન્કોને બનાવી શકે નિશાન

# ચીને હેકર્સની ફોજ તૈયાર કરી, ભારત ઉપર સાઈબર હુમલાનો ખતરો

## ચીનમાં અન્ય દેશોને ટાર્ગેટ કરવા માટે હેકર્સને વિશેષ તાલિમ પણ અપાઇ રહી હોવાનો ખુલાસો થયો

નવી દિલ્હી, તા.૧૬

ભારતીય સરહદે ચીનની અવળચંડાઈ હજુ ખતમ નથી થઈ, ખુદ ભારતીય સૈન્યના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું છે કે ચીન સાથે સરહદે વિવાદ ખતમ નથી થયો, જેને પગલે હાલ ભારતીય જવાનોને સરહદેથી હટાવવામાં નહીં આવે. આ અહેવાલો વચ્ચે હવે અન્ય એક ખતરનાક માહિતી સામે આવી છે. ચીન એવા હેકર્સની આખી ફૌજ તૈયાર કરી રહ્યું છે જેનો ઉપયોગ ભારત સહિતના પાડોશી દેશોમાં આર્થિક સ્થિતિ ડામાડોળ કરવા માટે થઈ શકે છે. આ હેકર્સ ભારતીયોને નિશાન બનાવીને મોટી રકમ પડાવી રહ્યા છે. એટલુ જ નહીં ચીનમાં અન્ય દેશોને ટાર્ગેટ કરવા માટે હેકર્સને વિશેષ તાલિમ પણ અપાઈ રહી હોવાનો ખુલાસો થયો છે. દરમિયાન જાપાન પર ચીની હેકર્સ દ્વારા ૨૦૦ જેટલા સાઈબર હુમલાનો રિપોર્ટ સામે આવ્યો છે. તમિલનાડુના તિરુચિરાપલ્લીનો રહેવાસી મેકેનિકલ એન્જિનિયર વિગ્નેશ્વર મુરુગનંધમ ચીનના હેકિંગ સ્કેમની લપેટમાં આવી ગયો હતો. તેની તાજેતરમાં ધરપકડ કરાતા આ સમગ્ર ખુલાસો થયો છે. તેની પૂછપરછમાં ચીન કઈ રીતે હેકર્સની ફૌજ તૈયાર કરી રહ્યું છે તે સામે આવ્યું છે. વિગ્નેશ્વરે જાપાનના કેટલાક લોકોને ડિજિટલ એરેસ્ટ કર્યા હતા, જે બદલ તેની ધરપકડ કરાઈ હતી. તેણે પૂછપરછમાં ખુલાસો કર્યો છે કે મને ઓનલાઈન ચીનના કેટલાક લોકોનો સંપર્ક થયો હતો. આ ચીનના લોકોએ મને કંબોડિયામાં કામ કરવાની લાલચ આપી હતી. જેને પગલે હું વર્ષ ૨૦૨૪માં કંબોડિયા જતો રહ્યો. મને મોટી સંખ્યામાં ભારતીય બેંકોમાં ખાતા ખોલવાનું કહેવામાં આવ્યું હતું. મને એક હોટેલમાં રાખવામાં આવ્યો, શરૂઆતમાં મારાથી બધુ છુપાવવામાં આવ્યું. મારા માલિકે મને નહોતુ જણાવ્યું કે આ ખાતા દ્વારા મોટી રકમની હેરાફેરી થઈ રહી હતી. વિગ્નેશ્વર મુરુગનંધમે વધુમાં મોટો ખુલાસો કરતા કહ્યું હતું કે હું હેકિંગ અને ડિજિટલ એરેસ્ટના અપરાધની દુનિયામાં એકલો નહોતો, મારી સાથે ચીનના અનેક લોકો જોડાયેલા હતા. આ તમામ ચીની નાગરિકો ચીનના પાડોશી ભારત સહિતના દેશોને નિશાન બનાવી રહ્યા હતા. તેઓ ભારતીયો પાસેથી રૂપિયા પડાવવાનો ટાર્ગેટ આપતા હતા. આ ચીનની ગેંગ ખુદને એક કંપની તરીકે ઓળખાવતી હતી અને હરરોજ મારા જેવા અનેક લોકો તૈયાર કરાતા હતા. કંપનીના નામે તૈયાર કરાયેલા આ કેમ્પોમાં ભારતીયોને નોકરીની લાલચમાં લવાતા હતા. મને ભારતીય બેંકોના ખાતાઓની વ્યવસ્થા અને તેને મેનેજ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. મારા જેવાની એક આખી ગેંગ તૈયાર કરાઈ હતી જેઓ ટેલિગ્રામ મેસેજિંગ એપથી સંપર્કમાં રહેતા હતા. બાદમાં વિગ્નેશ્વર કંબોડિયા છોડીને ભારત આવી ગયો જોકે ભારત આવતા જ તેને દિલ્હી પોલીસે પકડી લીધો હતો. ડીસીપી સુરેન્દ્ર ચૌધરીએ જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા વિગ્નેશ્વરની સાથે ચીનના અનેક લોકો જોડાયેલા છે. તેઓ કંબોડિયામાં આર્થિક અપરાધો માટે વિશેષ તાલિમ આપી રહ્યા છે. ચીનના આ અપરાધીઓ ભારતીય અર્થતંત્રને ડામાડોળ કરવાની ફિરાકમાં હોઈ શકે છે. વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન ચીનના હેકર્સે જાપાન પર ૨૦૦ જેટલા સાઈબર હુમલા કર્યા છે અને અનેક સરકારી એજન્સીઓ અને વિભાગના ડેટા તફડાવ્યા હતા. જેમાં જાપાન એરોસ્પેસ અને એક્સપ્લોરેશન એજન્સીના ડેટાલો પણ સમાવેશ થાય છે. બીજી તરફ ભારતીય સૈન્યના વડા જનરલ દ્વિવેદીએ જણાવ્યું હતું કે ચીન સાથેની સરહદે હાલ સ્થિતિ સ્થિર પરંતુ સંવેદનશીલ છે. હાલમાં ભારતીય સૈન્યને ચીન સરહદેથી પરત ખસેડવામાં નહીં આવે. ગલવાન ઘાટીમાં જે કઈ થયું તે ફરી ના થાય તેની આપણે તકેદારી રાખવી જ પડશે. પૂણેમાં ૭૭માં સૈન્ય દિવસની પરેડમાં ભાગ લીધા બાદ જનરલ દ્વિવેદીએ કહ્યું હતું કે ગલવાન ઘાટીમાં જે થયું તે ફરી નહીં થવા દઈએ. ૧૫ જુન ૨૦૨૦ના રોજ લદ્દાખ નજીકની ગલવાન ઘાટીમાં ચીન અને ભારતીય સૈન્યના જવાનો સામસામે આવી ગયા હતા. આ યુદ્ધ હથિયારો વગરના ઘર્ષણમાં ભારતીય સૈન્યના ૨૦ જેટલા જવાનો શહીદ થયા હતા. સામે પક્ષે ચીનના જવાનો પણ માર્યા ગયા હોવાના અહેવાલો હતા. આ પ્રકારનંન ઘર્ષણ હવે ફરી ના થાય તે માટે ભારતીય સૈન્ય સંપૂર્ણ રીતે એલર્ટ પર છે તેવી સૈન્ય વડાએ ખાતરી આપી હતી.

# સૈફ અલી ખાન પર હુમલો કરનારા આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ

મુંબઈ, તા.૧૬

બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાન પર ગત રાત્રે ૨ વાગ્યે જીવલેણ હુમલો થયો. તેના પર ૬ વખત છરી વડે હુમલો કરાયો. જો કે, હાલ સૈફ અલી ખાન હોસ્પિટલમાં દાખલ છે અને ખતરાથી બહાર છે. બીજી તરફ, સૈફ પર હુમલો કરનારા આરોપી પર ફરિયાદ દાખલ થઈ ચૂકી છે. ટ્રેસ પાસિંગની કલમો પણ લગાવવામાં આવી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ પ્રભાદેવી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી છે. સૂત્રોનો દાવો છે કે, મુંબઈના પ્રભાદેવી વિસ્તારમાં શંકાસ્પદ છૂપાયેલો હોય શકે છે. શંકાસ્પદ આરોપીની પહેલી તસવીર સામે આવી છે.

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ પ્રભાદેવી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી છે. સૂત્રોનો દાવો છે કે, મુંબઈના પ્રભાદેવી વિસ્તારમાં શંકાસ્પદ છૂપાયેલો હોય શકે છે.

સૈફ પર હુમલો કરનારા આરોપી પર BNSની કલમ ૧૦૯ હેઠળ હત્યાના પ્રયાસનો કેસ બાંદ્રા પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. ટ્રેસ પાસિંગની કલમો પણ કેસમાં સામેલ કરાઈ છે. સૈફ અલી ખાનની ઘરકામ કરનારી મહિલાએ અજાણ્યા ઘૂસણખોરો વિરૂદ્ધ પોલીસમાં હત્યાના પ્રયાસ અને ઘૂસણખોરીની ફરિયાદ નોંધાવી છે.

સૈફ અલી ખાન પર હુમલા પર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, આ અંગે પોલીસે માહિતી આપી છે. આ કઈ પ્રકારનો હુમલો છે તમામ માહિતી પોલીસે આપી છે. એવું કહેવું કે મુંબઈ અસુરક્ષિત છે તે ખોટું છે.

કોઈ અજાણ્યો વ્યક્તિ તેના ઘરમાં ઘુસ્યો હતો. પોલીસનો અંદાજ છે કે, અજાણ્યો શખસ ચોરી કરવાના ઈરાદે તેના ઘરમાં ઘુસ્યો હતો. શખસ ઘરકામ કરનારી મહિલાના રૂમથી સૈફ અલી ખાનના ઘરમાં ઘુસ્યો હતો.

ઘરમાં ઘુસ્યા બાદ તે શખસે સૈફ અલી ખાનની ઘરકામ કરનારી મહિલા અને એક્ટર સાથે મારામારી કરી. જેમાં એક્ટર ઘાયલ થઈ ગયો. ઘટનાની તપાસ ચાલી રહી છે. સૈફ અલી ખાનને તેના દીકરા ઈબ્રાહિમ અલી ખાન હોસ્પિટલ લઈને આવ્યા હતા. ઈબ્રાહિમ અલી ખાન સૈફના ઘરથી થોડા દૂર જ રહે છે. તેમની દીકરી સારા અલી ખાન પણ મળવા માટે હોસ્પિટલ પહોંચી હતી. સૈફ અલી ખાન હાલ ખતરાથી બહાર છે. તેમની સર્જરી પૂર્ણ થઈ ચૂકી છે. હવે પોલીસ સૈફ અલી ખાનના નિવેદન નોંધવાની પ્રક્રિયા હાથ ધરી રહી છે. રિપોર્ટ્સમાં જણાવ્યા અનુસાર, ગુરુવારના દિવસે જ મુંબઈ પોલીસે સૈફ અલી ખાનના ઘરમાં કામ કરનારા ત્રણ લોકોની અટકાયત કરી છે. ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, આ ત્રણે લોકોને પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યા છે, જ્યાં તેમની સાથે પૂછપરછ થઈ રહી છે તો વળી પરિવાર પર થયેલા આ હુમલા બાદ પિતાને મળવા સારા પોતાના ભાઈ ઈબ્રાહિમ સાથે હોસ્પિટલે આવી પહોંચી છે. આ દરમ્યાન બંનેના ચહેરા પર ઉદાસી જોવા મળે છે.

# સાવરકુંડલા : કબીર ટેકરી આશ્રમ ખાતે ચાલતી સેવાકીય પ્રવૃત્તિઓમાં ટિફિન સેવા ભૂખ્યાને ભોજન કરાવવાનો મહાયજ્ઞ






સાવરકુંડલા ખાતે આવેલ કબીર ટેકરી આશ્રમ ખાતે અનેક સેવાકીય પ્રવૃત્તિઓ નિઃસ્વાર્થ ભાવે ચાલી રહી છે. આ સેવાકીય પ્રવૃત્તિઓ પૈકી ખાસકરીને ભૂખ્યાને ભોજન એ કબીરસાહેબના સંદેશને ચરિતાર્થ કરતી જરૂરિયાતમંદને વિનામૂલ્યે ટિફીન સેવા દ્વારા જરૂરિયાતમંદ લોકોના ઘર સુધી ભોજન પહોંચાડવાના આ અભિયાન એટલે કબીર સાહેબના સંદેશ અન્નદાન મહાદાનનો સંદેશ ગુંજતો રહે છે. શ્રી નિર્મળ સાહેબ ટિફિન સેવા દ્વારા નિરાધાર, અશકત, નિઃસંતાન, ગરીબ વૃધ્ધ અને જરૂરિયાતમંદ લોકોને બે ટાઈમનું ટિફીન તેમની ઘરે રૂબરૂ હેત પ્રિતથી પહોંચાડવામાં આવે છે. હાલ અંદાજિત ત્રણસો કરતાં વધુ ટિફિન તૈયાર કરી અને જરૂરિયાતમંદ લોકોને ઘેર ઘેર પહોંચાડવામાં આવે છે. આ ઉપરાંત સરકારી હોસ્પિટલમાં પ્રસુતાને શિરો અને એક કિલો ચોખ્ખુ ઘી પહોંચતુ કરવામાં આવે છે. આ ઉપરાંત સાવરકુંડલા હોસ્પિટલમાં દાખલ થયેલ જરૂરિયાતમંદ દર્દીઓને તથા સાથે આવેલ સગાસંબંધીઓને પણ ટિફિન પહોંચાડવામાં આવે છે. આ તમામ સેવાઓ છેલ્લા ઘણા વર્ષોથી વિનામૂલ્યે પુરી પાડવામાં આવે છે. કબીર સાહેબના સંદેશ ભૂખે કો ભોજન એ જીવનમંત્રને કબીર ટેકરી આશ્રમના મહંતશ્રી નારાયણદાસ સાહેબ પૂર્ણતઃ નિભાવી આ સેવા યજ્ઞ ચલાવી રહ્યા છે. અનેક મુશ્કેલીઓનો સામનો કરીને પણ આ ટિફિન સેવાનું ભગીરથ કાર્ય સતત અવિરત ચાલતું જોવા મળે છે. શિયાળો, ઉનાળો કે ચોમાસુ બારેય માસ આ ટિફિન સેવા અવિરત ચાલુ છે. સેવા કરવી એ પણ ખાંડાના ખેલ છે અને આવી સેવાકીય પ્રવૃત્તિઓ તો કોઈ અલગારી સાધુ જ કરી શકે અને કબીર ટેકરીના મહંત શ્રી નારણદાસ સાહેબ ગુરૂની પ્રેરણા અને આશીર્વાદ સાથે સુપેરે કરી રહ્યા છે. ધીમે ધીમે દાતાઓ પણ આવી નિઃસ્વાર્થ સેવાકીય પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈને આવી પ્રવૃત્તિમાં પોતાનો આર્થિક સહયોગ આપી રહ્યા છે. આમ કબીર ટેકરી આશ્રમના આ અભિયાનને અવિરત ચાલુ રાખવા માટે આપનો આર્થિક સહયોગ એક ચૈતસિક ઉર્જા પૂરી પાડશે. કોઈ વખત સાવરકુંડલા આવવાનું થાય તો આ કબીર ટેકરી આશ્રમની મુલાકાત અવશ્ય લેવી. આ ટિફિન સેવામાં ભોજન બનાવવા માટે ઘણીવખત મહંત શ્રી નારણદાસ સાહેબ પોતે પણ ભોજન બનાવતાં જોવા મળે છે.

## અમરેલીના રહેવાસીઓએ મકરસંક્રાંતિની ઉજવણી કરી



સાવરકુંડલા, તા. ૧૬

અમરેલી ખાતે આવેલ બ્રાહ્મણ સોસાયટીના ગોપાલનગરની મકરસંક્રાંતિના પવિત્ર પર્વ નિમિત્તે અનોખી ઉજવણી આ વિસ્તારના તમામ માત્રને માત્ર હિન્દુ સમાજે ભેગા મળી અને દેશી રાસ ગરબા લીધા અને સાથે મળી અને પોતપોતાના ઘરેથી મેથીની ભાજી બટેટા કોથમીર, આદુ મરચાં વગેરે જે કાંઈ ઘેરે હતું તે રાતે એક જ સ્થળે લાવી અને ભજીયા બનાવી અને સેવે મોજ માણી મકરસંક્રાંતિનો પ્રસાદ સહુએ એક પગંતમાં લીધો. આવા તહેવારો સામાજિક એકતાનું પ્રતિક ગણાય છે તે મુજબ અમીર ગરીબના ભેદભાવ જ્ઞાતિના ભેદભાવ છોડી અને શહેર એકતા બતાવી છે.

## બગસરામાં આગામી શુક્રવારે વિનામુલ્યે નેત્ર નિદાન કેમ્પ

બગસરા, તા. ૧૬

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૨૪–૧–૨૫ને શુક્રવારના રોજ ઈન્દુમતિબેન ચંદુભાઈ પંડ્યાના સ્મરણાર્થે પંડ્યા પરિવારના સૌજન્યથી ૬૧૨મો વિનામુલ્યે નેત્ર નિદાન કેમ્પ શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.

આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે.

કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા. ૨૪/૧/૨૦૨૫ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીના કેરિયાનાગસમાં કૂવામાં

અમરેલી ફાયર વિભાગને કરવામાં આવતા અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસની ટીમ તુરંત ઘટના સ્થળ પર પહોંચી હતી. અને માત્ર ૪૦ મિનિટની મહેનત બાદ ભુપતભાઈ નાગજીભાઈ વિશલપરા નામનાં વ્યકિતનાં મૃતદેહને કુવામાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે સ્થાનિક પોલીસને સોંપી આપેલ હતી. આ કામગીરીમાં ફાયર વિભાગનાં હિંમતભાઈ બાંભણિયા, ભગવતસિંહ ગોહિલ, સવજીભાઈ ડાભી, સાગરભાઈ પુરોહિત વિગેરે જોડાયા હતા.

## ભુરખીયા હનુમાનજી દાદાના મંદિરે ૮૨મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો



લાઠી, તા. ૧૬

૧૨૯ દર્દીઓએ લાભ લીધો. તા.૧૫–૦૧–૨૫ ને બુધવારના રોજ લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયા મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સયુક્ત ઉપક્રમે યોજાઈ ગયેલ આ કેમ્પમાં ૧૨૯ દર્દીઓની આંખની તપાસ કરવામાં આવેલ. જે પૈકી ૩૫ દર્દીઓને મોતિયોનાં ઓપરેશન માટે અમરેલી લઈ જવામાં આવેલ. તેમજ ૨ દર્દીઓને વેલ માટે લઈ જવામાં આવેલ છે. ૨૪ દર્દીઓને રાહત ભાવે નંબરનાં ચશ્મા આપવામાં આવેલ.


## // ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ //

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલ્કત **શ્રી ગીતાબેન મહેન્દ્રભાઈ ખુમાણ** ની માલીકીની ચાલી આવેલી હોવાનું જણાવે છે અને તેઓએ સદરહું નીચે જણાવેલ મિલ્કત ઉપર હાલ આધાર હાઉસીંગ ફાયનાન્સ લીમીટેડમાં મોર્ગેજ ચાલુ છે અને તેઓ ટેક ઓવર કરાવી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાંથી નાણાંકીય સવલતો મેળવવા માંગે છે અને સદરહું મિલ્કતનો ટાઈટલ રીપોર્ટ અમો પાસેથી માંગણી કરેલ છે અને તેઓ જણાવે છે કે તેઓના સદરહું મિલ્કતના અસલ દસ્તાવેજો પૈકી નીચે જણાવેલ દસ્તાવેજો તેમના કબજા ભોગવટામાંથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે માટે સદરહું મિલ્કત બાબતે **આધાર હાઉસીંગ ફાયનાન્સ લીમીટેડ** સિવાય કોઈને કોઈપણ જાતનો વાંધો કે ચાર્જ બોજો લીધેલ હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૩ (ત્રણ) માં પુરાવા સહીત લેખીતમાં જાણ કરવી. મુદત વિત્યે કોઈનાં કોઈપણ જાતની તકરાર ચાલશે નહી અને તેમણે પોતાના તમામ હકક હિસ્સો જતો કર્યો છે તેમ માની અમો સદરહું મિલ્કત ઉપર ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને અમારા અસીલ બેંક સદરહું મિલ્કત મોર્ગેજ/ગીરોમાં લેશે અને અમારા અસીલ બેંકનો સરદહું મિલ્કત ઉપર પ્રથમ ચાર્જ રહેશે પાછળથી કોઈનાં કોઈપણ પ્રકારના વાંધા ચાલશે નહી અને જો કરશે તો આ જાહેર નોટીસથી રદ બાતલ ગણાશે. જેની આ નોટીસથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

–:: ખોવાયેલ દસ્તાવેજની વિગત ::–

(૧) રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૩૯૨/૧૯૮૨ તા.૨૨–૦૬–૧૯૮૨ ની અસલ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન પાવતી.

–:: મિલ્કત ની વિગત ::–

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે સાવર સામાપાદર ગામે આવેલ મકાન કે જેના સ.નં.૧૬૧ પૈકી, પ્લોટ નં. ૫૨ પૈકી, ચો.મી. ૯૩–૨૫ છે.

તા.૧૬/૦૧/૨૦૨૫
સ્થળ : અમરેલી
પ્રથમ માળ, તપોવન કોમ્પ્લેક્ષ,
ચિતલ રોડ, અમરેલી

**ઉદયન ત્રિવેદી**
(એડવોકેટ)


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૨૭ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૧૪૩ | ૧૧૪૩ |
| ૩ | શિંગ મોટી | ૮૧૫ | ૧૧૭૨ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૨૫૬ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૮૭ |
| ૬ | તલ કાળા | ૨૨૦૦ | ૪૬૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૭૮૫ | ૨૮૭૫ |
| ૮ | બાજરો | ૫૪૨ | ૫૫૨ |
| ૯ | જુવાર | ૪૦૬ | ૮૨૬ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૮૬ | ૬૫૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૦૮ | ૬૭૦ |
| ૧૨ | અડદ | ૧૧૫૦ | ૧૫૮૦ |
| ૧૩ | ચણા | ૯૧૫ | ૧૨૨૨ |
| ૧૪ | તુવેર | ૧૦૪૦ | ૧૭૨૦ |
| ૧૫ | કપાસ | ૯૯૦ | ૧૫૩૮ |
| ૧૬ | એરંડા | ૧૧૮૬ | ૧૨૦૨ |
| ૧૭ | જીરૂ | ૨૭૦૦ | ૪૩૯૫ |
| ૧૮ | ધાણા | ૧૧૮૦ | ૧૩૧૫ |
| ૧૯ | સોયાબીન | ૫૭૦ | ૮૪૦ |
| ૨૦ | મરચા લાંબા | ૩૭૦ | ૩૩૧૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૮૯ | ૧૪૮૫ |
| ૨ | મગફળી | ૯૭૦ | ૧૧૬૧ |
| ૩ | અડદ | ૧૦૨૧ | ૧૦૨૧ |
| ૪ | બાજરો | ૫૫૫ | ૫૫૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૧૬૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૨૨૦ |
| ૩ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૩૪૩ |
| ૪ | તલ કાળા | ૪૧૮૦ | – |
| ૫ | જીરૂ | ૪૩૦૩ | ૪૩૨૫ |
| ૬ | કપાસ | ૧૩૭૦ | ૧૪૯૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૬૧ | ૬૪૩ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૭૫ |
| ૯ | બાજરો | ૫૮૧ | ૭૧૨ |
| ૧૦ | જુવાર | – | ૭૬૮ |
| ૧૧ | મગ | – | ૨૧૦૫ |
| ૧૨ | અડદ | ૧૨૨૫ | ૧૨૯૦ |
| ૧૩ | ચણા | ૧૧૨૫ | ૧૧૬૧ |
| ૧૪ | તુવેર | ૧૧૫૯ | ૧૫૬૪ |
| ૧૫ | ધારણા | – | ૧૧૮૦ |
| ૧૬ | સોયાબીન | ૭૭૦ | ૮૨૭ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૪ | ૧૪૭૪ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૮૦ |
| ૨ | મગફળી | ૭૫૫ | ૧૦૫૦ |
| ૩ | ઘઉં | ૫૬૧ | ૫૬૧ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૫ | ચોળા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૬ | તલ | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ૭ | એરંડા | ૧૧૭૮ | ૧૧૭૮ |
| ૮ | સોયાબીન | ૬૯૦ | ૭૮૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૧૨ |
| ૨ | ઘઉં લોકવન | ૫૮૦ | ૬૨૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૩૩ |
| ૪ | તુવેર | ૧૪૨૦ | ૧૪૨૦ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૮૦૦ |
| ૬ | મગફળી | ૭૯૦ | ૮૭૫ |
| ૭ | ચણા | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૮ | મકાઈ | ૬૨૫ | ૬૨૫ |
| ૯ | ધાણા | ૧૨૪૦ | ૧૪૪૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૦૬૫ | ૧૦૬૫ |
| ૧૧ | મેથી | ૯૨૦ | ૯૨૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૪૨ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૨૦ | ૧૩૭૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૬૫ | ૧૧૪૫ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૫૨ | ૧૦૬૮ |
| ૫ | ઘઉં | ૫૦૮ | ૬૭૨ |
| ૬ | સોયાબીન | ૭૬૬ | ૭૭૪ |
| ૭ | જીરૂ | ૩૯૯૦ | ૪૧૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૦૩૦ |
| ૨ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૨૯૦ |
| ૩ | તલ પીળા | ૨૬૦૦ | ૨૭૬૦ |
| ૪ | કપાસ | ૧૨૬૧ | ૧૫૨૯ |
| ૫ | બાજરો | ૫૦૦ | ૫૭૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૭૫ | ૭૪૪ |
| ૭ | જુવાર | ૭૦૦ | ૮૭૦ |
| ૮ | મગ | ૨૦૦૦ | ૨૪૨૫ |
| ૯ | અડદ | ૧૧૭૫ | ૧૩૫૧ |
| ૧૦ | તુવેર | ૧૧૭૨ | ૧૫૦૧ |
| ૧૧ | ચણા | ૧૧૦૦ | ૧૧૨૫ |
| ૧૨ | સોયાબીન | ૭૨૬ | ૭૮૧ |

# લીલીયા મોટા : પી.એમ. કન્યા શાળા ખાતે ટેબલેટ વિતરણ કાર્યક્રમ યોજાયો






લીલીયા મોટા પી.એમ. કન્યા શાળા ખાતે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન રમીલાબેન ભીખાભાઈ ધોરાજીયાના અધ્યક્ષ સ્થાને ધોરણ સાતની વિદ્યાર્થીની બાળાઓને સતત ત્રીજા વર્ષે ટેબલેટ વિતરણ કરવામાં આવેલ પી.એમ. શાળાઓની વિદ્યાર્થીનીઓને એ.આઈ.એફ દ્વારા આશરે કિંમત રૂપિયા ૧૫ લાખના ખર્ચે ટેબલેટ નંગ ૬૦ વિતરણ કરવામાં આવેલ આ તકે આવેલ મહેમાનો દ્વારા વિદ્યાર્થીનીઓને ઉજવળ ભવિષ્ય માટે શુભકામના પાઠવવામાં આવેલ આ તકે એ.આઈ.એફ શાળા ના જિલ્લા પ્રોજેકટર મેનેજર હાર્દિકભાઈ સોનછાત્રા, પ્રોજેકટ ડાયરેકટર શંકર શર્મા ડે.ડી.પી.ઈ.ઓ. જી.એમ. સોલંકી, બી.આર.સી. કો.ઓ. અભિષેક ભાઈ ઠાકર, આચાર્ય અલકાબેન દવે, કાનજીભાઈ નાકરાણી, ભનુભાઈ ડાભી, ઘનશ્યામભાઈ મેઘાણી, હિતેશ પરમાર, ડાયાભાઈ માલવિયા સહિતના શિક્ષક ગણ, વાલીગણ તેમજ વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આશાબેન જોશી તેમજ રાજુભાઈ પાનસુરીયા દ્વારા કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ૪૮ મી પુણ્યતિથિની ઉજવણીને લઈને જબ્બરો ઉત્સાહ

# બગદાણા : આજે બજરંગદાસબાપાની પુણ્યતિથિ મહોત્સવમાં સામેલ થશે હજારો ભાવિક ભકતજનો

## બગસદાણાના ગુરૂઆશ્રમ ખાતે યોજાશે વિવિધ ધાર્મિક કાર્યક્રમો

બગદાણા, તા.૧૬

ગોહિલવાડના સુપ્રસિદ્ધ તીર્થસ્થળ બગદાણા ખાતે આજે પોષ વદ બીજ, ને શુક્રવારના રોજ પૂ બજરંગદાસ બાપાની ૪૮મી પુણ્યતિથિ મહોત્સવ ભક્તિમય વાતાવરણમાં અને ધામધૂમ પૂર્વક યોજાશે. જેમાં એક થી દોઢ લાખ ભાવિક ભકતજનો સામેલ થશે તેવી ધારણા રાખવામાં આવી રહી છે.

ગુરૂઆશ્રમ ખાતેના સર્વે ટ્રસ્ટી મંડળના માર્ગદર્શન નીચે મોટી સંખ્યામાં સ્વયંસેવક ભાઈઓ બહેનો સેવા આપશે અને વ્યવસ્થા સંભાળશે. આ માટે અહીં વિવિધ વિભાગોની રચના કરવામાં આવી છે. જેમાં સ્વયસેવકો પોતાની ફરજ બજાવશે.

૪૮મી પુણ્યતિથિ નિમિત્તે આ વર્ષના ઘોષિત થયેલા કાર્યક્રમ મુજબ સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી, સવારે ૭ કલાકે ધજા પૂજન, સવારે ૮ કલાકે ગુરૂ પૂજન તેમજ સવારે ૧૦ કલાકથી નગરયાત્રાનું પ્રસ્થાન થશે. ભોજન પ્રસાદ વિતરણ પણ સવારના ૧૦ કલાકથી અવિરત શરૂ રહેશે...!

અહીના મસમોટા રસોડા વિભાગમાં શુદ્ધ ઘીના લાડુ, ગાંઠિયા તેમજ અન્ય ભોજન પ્રસાદ સામગ્રી હજારો કિલોગ્રામના હિસાબે તૈયાર કરવામાં આવી છે. અહીં સૌ દર્શનાર્થીઓને પંગતમાં બેસીને પરંપરા મુજબ પ્રસાદ પીરસવામાં આવશે. વ્યવસ્થા ખાતર ગોપાલગ્રામમાં ભાઈઓ માટે તેમજ નવી ભોજનશાળા ખાતે બહેનો માટે પ્રસાદ વિતરણ વ્યવસ્થા રાખી છે.

આજે શુક્રવારના ૪૮મી પુણ્યતિથિ મહોત્સવમાં પ્રતિ વર્ષની જેમ બગદાણાની ચારે તરફના માર્ગો તરફથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુજનો બગદાણા આવીને સદગુરૂ બાપાના ચરણોમાં શીશ ઝૂકાવશે.

ભાવનગર એસટી વિભાગ દ્વારા બગદાણા આવાગમન માટે તળાજા, પાલીતાણા, મહુવા તેમજ ભાવનગર થી એક્સ્ટ્રા ૨૦ એસ.ટી. બસો દોડાવવામાં આવશે, તેમજ અહીં પોલીસ વિભાગનો ચુસ્ત બંદોબસ્ત રહેશે.

આજના દિવસના વહેલી સવારથી મંગળા આરતીથી કાર્યક્રમોની શરૂઆત થશે. તેમજ પ્રવજા પૂ, ધ્વજા આરોહણ, ગુરૂપૂજન થશે. ત્યારબાદ દર વર્ષની જેમ યાત્રાળુ ભાઈઓ બહેનોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બનતી પૂ.બાપાની નગર યાત્રામાં બાપા સીતારામ.... બાપા સીતારામ.....ના નાદ સાથે મોટી સંખ્યામાં લોકો જોડાશે. બજરંગદાસ બાપાના રામ, રોટલો અને રાષ્ટ્રભક્તિના સૂત્રને સાર્થક કરી રહેલા બાપાના હજારો સ્વયંસેવકો નિસ્વાર્થ ભાવે અહીં ખડે પગે સેવા બજાવશે.

### નાવદ્રા ગામે જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ સંપન્ન

# અંધશ્રદ્ધાનો કાયદો બનાવવાથી સમાજમાં પરિવર્તન આવતું નથી : વિજ્ઞાન જાથા

## અંધશ્રદ્ધાની જનની અજ્ઞાનતાને દેશવટો આપીએ : જયંત પંડયા



અમદાવાદ, તા. ૧૬

ગિર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના નાવદ્રા ગામમાં આસ્થા સ્કૂલ ઉપક્રમે અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમને ભારે સફળતા સાથે સંપન્ન થયો હતો. અંધશ્રદ્ધા સામેનો કાયદો બનાવવાથી સમાજમાં પરિવર્તન આવતું નથી તે સંબંધી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. અંધશ્રદ્ધાની જનની અજ્ઞાનતાને દેશવટો આપવાની તાતી જરૂરીયાત છે. જાથાનો ૧૦૦૫૨ માં કાર્યક્રમમાં પ્રભાસપાટણ પોલીસ સ્ટેશને વિશેષ બંદોબસ્ત ફાળવ્યો હતો.

જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ છાત્રાઓ, વાલી, ગ્રામજનોને સંબોધતા જણાવ્યું કે અંધશ્રદ્ધા સામેનો કાયદો બનાવાથી સમાજમાં પરિવર્તન આવતું નથી. તેનું સચોટ અમલીકરણ સાથે ગુન્હા સંબંધી કડક સજા સમયસર થાય તે જરૂરી છે. પ્રત્યેક નાગરિકને કાયદાની સમજ જરૂરી છે. પોલીસ સ્ટેશનની સજાગતા જરૂરી છે. ભારત અંધશ્રદ્ધાથી ભરેલો દેશ છે. લોકોની વિચારધારા અને માન્યતાઓ અત્યંત રૂઢ થઈ ગયેલ છે તેની સામે વિજ્ઞાન અભિગમ દ્રષ્ટિકોણનો પ્રચાર પુરજોશમાં હોવો જોઈએ. આપણે તટસ્થ દ્રષ્ટિ, નિખાલસ મન, સક્રિય ચકાસણી અને નિરીક્ષણ કરવાનું વલણ તર્કશકિત, સાબિતીની માંગ, કાર્યકારણ સંબંધની તપાસ અને સકારાત્મક વિચારશક્તિને વ્યવહારમાં અપનાવીએ અને સમાજમાં ફેલાયેલી અંધશ્રદ્ધા નાબુદ કરવાનો સંકલ્પ જ અસરકારક સાબિત થશે. જેમાં સરકાર તેમજ લોકઅભિગમ ફાળો મહત્વનો છે.

વધુમાં જણાવ્યું કે કુરિવાજોના મૂળમાં અંધશ્રદ્ધા છે. વિવિધ અંધશ્રદ્ધાઓના પરિણામે જ સમાજમાં પરંપરા, માન્યતાઓ, પૂર્વગ્રહો નામે કે અન્ય રીતે વિવિધ કુરિવાજોનો જન્મ થયો છે. ભારતમાં અતિ ગરીબાઈ, અસમાનતા, જાતિવાદ, પ્રાંતવાદ, કોમવાદ, વસ્તી વિસ્ફોટ સાથે રાજય–કેન્દ્ર સરકારનું અવૈજ્ઞાનિક વલણથી અંધશ્રદ્ધાએ વિકરાળ રૂપ ધારણકર્યું છે તેને જલ્દી નાથવાની જરૂર છે. રાજકીય નેતાઓએ મતના રાજકારણને તિલાંજલિ આપી દેશના નાગરિકોના અધિકારો, શિક્ષણ, આરોગ્યની ચિંતા કરવાની જરૂર છે. દેશની વસ્તીના અમુક લોકોને બે ટંક જમવાનું મળતું નથી, બેરોજગારી, મોંઘવારી, ચરમસીમાએ છે. જાથા વર્ષોથી લોકોની ચિંતામાં ભાગીદાર થઈ તેને દૂર કરવા પ્રયત્નો કરી રહ્યું છે. રાજય સરકાર, અધિકારીઓ જાથાને મદદ કરે છે તે સારી વાત છે. યુનિવર્સિટીની કામગીરી વિદ્યાર્થીઓની સફળતા પ્રાપ્તિ માટે વ્યક્ગિત ક્ષમતા–ચરિત્ર ઉપર ભાર મુકવો જોઈએ તેને બદલે ધર્માનુરાગ વલણ ખતરનાક સાબિત થવાનું છે તેનાથી બેપ્રિધકો ચિંતિત છે.

વિશેષમાં એડવોકેટ દેશમાં વ્યસન, કુરિવાજ પછીનું સેથી મોટું દૂષણ અંધશ્રદ્ધાનું છે તેને દૂર કરવાથી જ માનવ સમાજની પ્રગતિ છે. ગરીબાઈના કારણે અનેક પ્રકારની અંધશ્રદ્ધા પ્રવર્તતે છે તેને બધા સાથે મળીને દૂર કરવાનો અવસર છે. વિજ્ઞાનીઓ બ્રહ્માંડમાંથી અવનવા ગ્રહો શોધે છે ત્યારે ભારતમાં લેભાગુઓ કુંડળીમાં ફીટ કરી ફળકથનો કરી, શારીરિક, માનસિક, આર્થિક શોષણ કરે છે તેથી ખગોળ વિજ્ઞાનનો પ્રચાર અતિ જરૂરી છે. લોકોમાં અવકાશી જ્ઞાન નહિંવત છે તેનો લાભ લેવામાં આવે છે. જાથા સતત મહેનત કરી કામ કરે છે તેમાં અડચણોનો સામનો કરે છે. ધાર્મિક નેતાઓએ દેશની એકપણ સમસ્યા ઉકેલી નથી તેથી જાગવાની જરૂર છે. ધાર્મિક સ્થાનોએ વેપાર–ઉદ્યોગનું સ્થાન લીધું છે તેમાં લોકો જ દોષિત છે તેવું જાથા માને છે. અંધશ્રદ્ધાનો વેપાર અટકાવવાનું કામ જનસમાજનું છે. ટૂંક સમયમાં જાથા દક્ષિણ ગુજરાતમાં જિલ્લા–તાલુકા મથકે ઝુંબેશ આદરવાનું નક્કી કર્યું છે.

વધુમાં જણાવ્યું કે ભૂત, પ્રેત, ડાકણ, જીન્નાત, ચુડેલ, આસુરી શકિત, અદ્રશ્ય શક્તિ, દિવ્ય શક્તિ આ બધી સદીઓથી વાત થાય છે. અવૈજ્ઞાનિક સાથે હંબક સાબિત કરી છે. માનવીના મનની ત્રુટિના કારણે અવૈજ્ઞાનિક વલણોના અસ્તિત્વની વાર્તાઓ લોકોના મગજમાં ફીટ કરવામાં આવેલ છે જેનું જાથાને દુઃખ છે. ભારતમાં લોકચળવળથી ગામડે ગામડે વિજ્ઞાનનો પ્રચાર સાથે આરોગ્ય સંબંધી ઉપચાર, બહેનોના પ્રશ્નોનું નિરાકરણ, સાક્ષરતા અને વસ્તી નિયંત્રણ સંબંધી લોકોના હૃદયની વાચા આપી કામ કરવાની જરૂર છે. દેશમાં વાસ્તવિક કામગીરીની તાતી જરૂરિયાત છે. જાથા ફિલ્ડ ઉપર ૩૩ વર્ષથી કામ કરે છે અને અનુભવજન્ય વાત સાથે અનુકરણ કરે છે તેથી લોકોમાં વિશ્વાસ સંપાદન કર્યો છે.

### સાંસદ અને ધારાસભ્ય દ્વારા

# અકાળા ખાતે પેવિંગ બ્લોક માર્ગનું ખાતમુર્હુત કરવામાં આવ્યુ

## સ્થાનિક આગેવાનો પણ ઉપસ્થિત રહયા



લાઠી, તા. ૧૬

લાઠી તાલુકાના અકાળા ગામમાં પેવિંગ બ્લોક રોડના નિર્માણનું ખાતમુહૂર્ત યોજાયું હતું. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા અને લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા ઉપસ્થિત રહ્યા હતા.

નવા રોડના નિર્માણથી ગામના લોકોને સરળતાથી અવરજવર કરવામાં મદદ મળશે અને ગામનું માળખું પણ વધુ સુદ્રઢ બનશે. આ પેવિંગ બ્લોક ના રોડના કામથી ગામના વિકાસ માટે મહત્વનું પગલું ગણાવતાં, સાંસદ અને ધારાસભ્યએ ગ્રામજનોને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે કલ્પેશભાઈ લુખી, ગ્રામ પંચાયત અકાળાના સદસ્ય હિતેશભાઈ રાખોલીયા, જગદીશભાઈ ખૂંટ, માર્કેટિંગ યાર્ડના ચેરમેન દકુભાઈ પડસાળા, ભાજપ શહેર પ્રમુખ ધર્મેશભાઈ સોની, શાસ્ત્રી દિનેશભાઈ પંડ્યા, પ્રવીણભાઈ લુખી, હસમુખભાઈ ડાવરીયા, કાળુભાઈ સાવજ, અશોકભાઈ લુખી, નાથાભાઈ ખૂંટ, બાબુભાઈ ગોરસીયા તથા કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા : ખાતે ઇન્ટર ક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું



સાવરકુંડલા, તા. ૧૬

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.ડી. કાણકિયા આર્ટ્સ અને શ્રી એમ.આર સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલા ખાતે ઈન્ટર ક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ યોજાઇ હતી.

આ ટુર્નામેન્ટમાં કોલેજની જુદી જુદી ટીમોએ ભાગ લીધો હતો. અને ટી. વાય. બી. કોમ. અને એફ. વાય. બી.એ.ની ટીમ ફાઈનલમાં પહોંચી હતી. આ તકે સાવરકુંડલા લીલીયા વિસ્તારના લોકલાડીલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. તેમની સાથે અન્ય રાજકીય, સામાજિક આગેવાનો જોડાયા હતા. માનનીય ધારાસભ્યએ ટોસ ઉછાળ્યો અને ટી. વાય. બી. કોમ.ની ટીમ ટોસ જીતી અને બેટિંગ સ્વીકાર્યું હતું.

ત્યારબાદ ખૂબ જ સરસ રીતે રસાકસીભર્યો મેચ આ બે ટીમ વચ્ચે થયો હતો. માનવંતા મહેમાનો, કોલેજ સ્ટાફગણ તેમજ કોલેજના વિદ્યાર્થીઓએ મેચ નિહાળ્યો હતો. નિરવભાઈ બોરીસાગર તથા સુજલભાઈ કનાલાએ અમ્પાયર તરીકેની સેવાઓ આપી હતી. કોલેજના અપ્રયાપક હૈદરખાન પઠાણે ખૂબ જ રસતરબોળ એવી લાઈવ કોમેન્ટ્રી કરી અને મેચની લહેજત વધારી હતી.

અંતમાં ટી. વાય બી. કોમ.ની ટીમ વિજેતા જાહેર થઈ અને એફ. વાય. બી. એ.ની ટીમ રનર્સ અપ જાહેર થઈ. તેમને કોલેજના પ્રિન્સિપાલ ડા. રવિયા સાહેબ તથા રમતગમત કમિટીના અપ્રયક્ષ અર્જુનસિંહ પરમાર દ્વારા શિલ્ડ અર્પણ કરી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. કોલેજના તમામ અપ્રયાપકઓ તેમજ નોનટીચિંગ સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# અમદાવાદ ખાતે લાઠી ગૃપ પરિવાર દ્વારા સ્નેહ મિલન યોજાયુ



લાઠી,તા. ૧૬

લાખેણી લાઠીના વતની અને અમદાવાદ આવી વસેલા સેંકડો પરિવારોએ સહભાગી થઇ અને વતન પ્રત્યે વ્હાલ વરસાવ્યું ઐતિહાસિક નગર લાઠી પહેલેથી બહુ ભાગ્યશાળી નગર છે, ગાગડિયાના નીરમાં કે લાઠીની માટીમાં કઈંક એવું તત્વ છે, જે લાઠીના નાગરિકોને અતિ સંવેદનશીલ, ઉદારદિલ અને માયાળું બનાવે છે.

વીર હમીરજી ગોહિલ થી લઈને રાજવી કવિ કલાપીની આ તપોભૂમિએ શેર્યરસથી લઈને પ્રેમરસનું આ ભૂમિમાં સિંચન કર્યુ છે, અને એક એકથી ચડિયાતા મહામાનવો તૈયાર કર્યા છે. વતન લાઠીથી અમદાવાદ જઈ વસેલા અનેક મહાનુભાવોને વિચાર આવ્યો કે વતનની યાદ માં આપણે સે નાત–જાત, ધર્મ–સંપ્રદાયના ભેદ છોડી એક સંગઠન તૈયાર કરીયે, અને બે–વરસ પહેલા અમદાવાદ – લાઠી ગ્રુપ પરિવાર સંગઠનની રચના કરવામાં આવી સેવા, સહકાર, સંગઠનના મૂળ વિચારને સમર્પિત ગ્રુપ તૈયાર કર્યું, અગાઉના બે સ્નેહમિલન સમારોહને શ્રી અશોકભાઈ બાલાભાઈ સાવલીયાએ સ્પોન્સર કર્યા હતા અને આ ત્રીજો સ્નેહમિલન સમારોહ શ્રી ચેતનભાઈ પ્રેમચંદભાઈ શાહ (સી.પી.શાહ, સી.એ) હીતેશ ભાઈ વેકરીયા, સુનીલભાઈ ડોડીયાએ સ્પોન્સર કર્યો સુંદર આયોજન અને બહુ આનંદ ઉત્સાહ સાથે સ્નેહમિલન સમારોહ પાર પડયો વર્તમાનમાં આપણે સે ૨૧'મી સદીમાં જીવી રહ્યા છીએ, આ ટેક્નોલોજી અને ઈન્ટરનેટનો યુગ છે, મોટાભાગના પરિવારના બાળકો વિદેશમાં ઠરીઠામ થયા છે, એટલે આ વૈશ્વિક માનવ બનવાનો યુગ છે, આપણે સૌ સોશ્યલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મનો ઉપયોગ કરીએ છીએ જે આપણને વૈશ્વિક દ્રષ્ટિકોણ આપે છે, પણ આ યુગમાં સંગઠિત બનીને રહેવું બહુ મહત્વનું છે, સામાજિક, માનસિક, આર્થિક વિકાસ માટે પણ સંગઠનો બહુ મોટો ભાગ ભજવે છે.

અમદાવાદ – લાઠી ગ્રુપ પરિવારના સ્નેહમિલનનો કાર્યક્રમ દીપપ્રાગટ્ય અને રાષ્ટ્રગીતના ગાન સાથે શરૂ થયો, વતન પ્રત્યે અપાર પ્રેમ રાખનારા મોટાભાગના પરિવારો સાથે એક્ટિવ કમિટી મેમ્બરોએ મુખ્યમહેમાન તરીકે પધારેલા કલાપીના પરમચાહક સંશોધક લેખક રાજેશ પટેલનું સ્વાગત કર્યું સમારોહના પ્રમુખસ્થાને કરશનભાઈ ભુવા સાહેબ બિરાજિત થયા હતા અને કાર્યક્રમની શુભ શરૂઆત થઈ વતનની યાદો તાઝી કરાવવા મુખ્યવક્તા રાજેશભાઈએ લાઠીનો ભવ્યભૂતકાળ વર્તમાન, અને ઉજવળ ભવિષ્ય વિષે સંબોધન કર્યું, હાલના સમયમાં લાઠીના વિકાસમાં મહત્વનું યોગદાન આપનારા હીરાઉદ્યોગના લબ્ધ પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ મનજીભાઈ ધોળકિયા, ગોવિંદભાઈ ધોળકિયા, સવજીભાઈ ધોળકિયા, અને ઘનશ્યામભાઈ શંકરના લાઠીના વિકાસમાં યોગદાન આપવા બદ્દલ કૃતજ્ઞભાવે યાદ કર્યા તેમના હસ્તે થયેલા સુંદર કામોની અનુમોદના કરી, લાઠી નગરને સમસ્ત વિશ્વમાં અને સાહિત્ય જગતમાં મોટો ખ્યાતિ અપાવનારા રાજવી કવિ કલાપીના જીવન અને કવન પર વિગતે વાત કરી, અને છેલ્લે લાઠી અને કલાપી વિષે પ્રશ્નોત્તરી અને જવાબો આપ્યા, હાજર સૌ શ્રોતાઓને અજાણી માહિતીઓ અને સત્ય હકીકતોથી અવગત કરાવ્યા, બધાને બહુ આનંદ આવ્યો.

સમારોહનું સંચાલન વિપુલભાઈ વઘાણીએ કર્યું અને સમાપન પ્રવચન આભાર વિધિ પ્રમુખ કરશનભાઈ ભુવા કરી હતી, સમારોહને સફળ અને યાદગાર બનાવવા માટે અમદાવાદ લાઠી ગ્રુપ પરિવારના એક્ટિવ મેમ્બર્સ શૈલેષભાઈ જાટકીયા, પિયુષભાઈ વળીયા, વિપુલભાઈ વઘાણી, રજનીભાઈ પંડ્યા, બાબુભાઈ ગજેરા, અશોકભાઈ સાવલિયા, બાલાભાઈ મેદપરા, નિલેશભાઈ શંકરે ખુબ જહેમત ઉઠાવીને સમારોહને ખૂબ સફળ અને યાદગાર બનાવ્યો હતો અને કો–ઓર્ડીનેટ તરીકે કિરીટભાઈ ધાનાણીએ વિશેષ સેવા આપી હતી. અમદાવાદ વસતા સે લાઠીકરોએ સહપરિવાર પ્રેરક ઉપસ્થિતિ નોંધાવીને સમારોહને યાદગાર બનાવી દીધો હતો, આનંદ ઉત્સાહ અને વતનની યાદો સાથે સેએ રસપ્રચુર ભોજનનો આનંદ લઈને ફરી મળીશુંના વચન સાથે છુટા પડ્યા હતા.

### પુરતા પ્રમાણમાં પાણી, ઠંડી અને ખારાશને લીધે

# રાજુલા અને જાફરાબાદનાં ગ્રામ્ય વિસ્તારમાં આ વર્ષે ચણા અને ઘઉંનું વિપુલ ઉત્પાદન થશે

## જગતાત ગણાતા ખેડૂતોની થોડી આવક વધશે



રાજુલા, તા. ૧૬

જાફરાબાદ તાલુકામાં ખાસ કરીને દરિયા કિનારે આવતા ગામડાઓમાં આમ તો પહેલા પુરબિયા તલનું વાવેતર કરવામાં આવતું હતું. પરંતુ ઉદ્યોગો આવતા ગમે તે થયું તલ અને સાસીયા ઘઉંનો વાવેતર સંપૂર્ણ બંધ થઈ ગયું છે. આ અંગે વયો વૃદ્ધ ખેડૂતો કહે છે કે આ વિસ્તારમાં ૧૫ વર્ષથી ઉદ્યોગો આવતા ગરમી પડવાના કારણે પુરબિયા તલ અને સાસીયા ઘઉં ઉતારો ન આવતા સંપૂર્ણ વાવેતર બંધ કરી દીધું છે. પરંતુ આ વર્ષે ઠંડી જાકળ પડવાના કારણે વાતાવરણમાં ઠંડક હોવાથી કુવામાં પાણી ન હોય તેવા ખેતરોમાં પણ ચણાનું વાવેતર કરવામાં આવ્યું છે અને માત્ર એક જ પાણી જોતું હોય છે. તેમાં પણ દરિયા કિનારે ટાઢક હોવાથી વગર પાણીએ ચણાનું વાવેતર થતું હોય છે. પરંતુ આ વર્ષે ખેડૂતોએ કપાસ કાઢી તુરતજ ચણાના વાવેતરનો પારંભ કરી દીધો છે. વળી અગાઉ કપાસ ન હતો તેવા ખેતરોમાં ૧૫ દિવસથી વાવેતર થઈ ગયું છે હાલ ચણાને વાવેતરની સિઝન પણ પૂર્ણ થઈ ગઈ છે અને એડવાન્સ વાડીમાં કુવામાં પાણી હતું તે ચણીયા બજારમાં આવતા ગઈકાલે ૧૨૫૦ના ભાવમાં ચણા રાજુલા યાર્ડમાં વેચાયા હતા. ગત વર્ષે સરકારે ચણાના ભાવ ૧૧૦૦ ઉપરાંત રાખ્યા હતા પરંતુ ઉત્પાદન ઓછું થયું હતું. આ વર્ષે ખૂબ જ વાવેતર જેનું મુખ્ય કારણ ચણાના વાવેતરને દવાની પણ ખાસ જરૂર પડતી નથી. નિંદામણની પણ જરૂર પડતી નથી ડીએપી ખાતર ઉરિયા ખાતર નાખવું પડતું નથી અને સસ્તા ભાવે બિયારણ મળતું હોવાથી ખેડૂતો હાલ તો કપાસ કાઢતા જાય છે એમાં પણ હવે કપાસ કાઢવાના છોડવા કેવી રીતે ખેંચી લેવો તેના આધુનિક મશીન આવી જતા એક જ દિવસમાં કપાસ નીકળી જાય. સારોલું અને ઝાડવા અલગ થઈ જાય છે અને તે ઉદ્યોગોમાં લઈ જવામાં આવે છે. ટ્રેકટરથી વાવેતર પણ થઈ જાય છે જેના કારણે વાવેતરમાં મુશ્કેલી પડતી નથી. બેથી ત્રણ દિવસમાં કપાસ કાઢી ચણાનું વાવેતર થઈ જાય છે અને ત્રણથી ચાર મહિનામાં આરામથી ચણા પાકી જાય છે અને બીજી તરફ ઘઉંનું વાવેતર પણ ૨૦ ટકા જાફરાબાદ તાલુકામાં છે. જયારે ૪૦ ટકા ચણાનું વાવેતર જોવા મળી રહ્યું છે. તેમાં પણ આ વખતે હજી રોગચાળો શાણામાં જોવા મળતો નથી પરંતુ હવે પણ આમાં સામાન્ય દવા પ્રવાહી છંટકાવવાથી છોડવો વધુ ફેલાય તેવી દવા પણ સંશોધન થયું છે. જેથી જેમ કેળા કે કેરી પકવવામાં દવા નાખવાથી પાકી જાય છે તેમ દવા નાખવાથી શાણાના છોડવાઓમાં વધારે ઊંચાઈ ફુલાય જાય છે. આમ આ વર્ષે ચણાનાં સારા ભાવ રહે તો ખેડૂતોને ચણાની આવકમાં વધારો થશે અને લેણદાર બની ગયા છે તેમાંથી થોડા ઘણા ખેડૂતો બહાર આવે બાકી સરકારને ડબલ ઉત્પાદનની યોજના તાકાત થઈ નથી પરંતુ કુદરતી વાતાવરણની યોજનાથી આ લાભો ખેડૂતોને થઈ રહ્યા છે. બીજી તરફ કિસાન સંઘના ગુજરાત ઉપપ્રમુખ અને કિસાન સંઘના મહેસુલનો હવાલો સંભાળતા ધીરૂભાઈએ જણાવ્યું કે દરિયા કિનારે પુરબિયા તલ અને સાસીયા ઘઉંનું વાવેતર સંપૂર્ણ બંધ થયું છે તે શા કારણે બંધ થયું છે કેટલી ગરમી ઉદ્યોગોની પડે છે તેની પણ સરકારે તપાસ કરવી જોઈએ. તેમજ ગત વર્ષે ૧૧૦૦ જેવો ચણાનો ભાવ સરકારે બાંધ્યો હતો તેના બદલે આ વર્ષે સરકારે ચણાના ભાવમાં ખરીદીમાં વધારો કરવો જોઈએ તેમજ સરકારે ખેડૂતો પોતાનો માલ નજીકના માર્કેટિંગ યાર્ડમાં વેચવામાં લઈ જાય તો ત્યાં પણ સરકારે ખરીદી લેવો જોઈએ. દાખલા તરીકે સરકારે ગરીબ માણસો માટે રેશનીંગમાં સુધારો કર્યો કે ગમે ત્યાં રેશનીંગ મળશે તેમ રાજુલા–જાફરાબાદમાં એવા ગામડા છે કે રાજુલા થી ૧૦ કિલોમીટર જાફરાબાદનું ગામ આવતું હોય અને જાફરાબાદનો આ ગામ માર્કેટિંગ યાર્ડ ૩૦ સળ દૂર જવું પડે છે. તો ખેડૂતો માટે સરકારે કોઈ પણ યાર્ડમાં ખરીદીમાં લઈ જઈ શકે તેવો સુધારો કરવા તેમજ આ વિસ્તારમાં શા માટે ઉરબીયા તલ અને સાસીયા ઘઉં જે લુણસાપુર, વાંઢ, મીતીયાળા, વડેરા, ભાકોદર, બાબરકોટ, વારાસ્વરૂપ, ચાંચબંદર ગામોમાં થતા હતા તે બંધ થયા. શા કારણે થયા તેની પણ તપાસ થવી જોઈએ કે ઉદ્યોગોના કારણે ગરમી પડવાથી બંધ થયા જે જમીનની પણ તપાસણી કરાવવી જોઈએ તેવી માંગ કિસાન સંઘના મહેસૂલ વિભાગની કામગીરી સંભાળતા ઉપપ્રમુખ ધીરૂભાઈ ધાખડાએ પત્ર પાઠવી સરકાર ઘટતું સંબંધિત સત્તાવાળાને પત્ર પાઠ રહ્યા છે.

### ગ્રીન લેઝર મશીન ખરીદી માટે

# ટીંબી : શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલને રૂપિયા ૭૪ લાખનુ અનુદાન

## અમેરિકા સ્થિત ઉદ્યોગપતિનુ પ્રેરણાદાયી કાર્ય



ટીંબી, તા. ૧૬

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર)માં હોસ્પિટલનાં ઉદારદિલ દાતા કક્ષાબેન પારેખ અને વિપુલભાઈ પારેખના સુપુત્ર યશ પારેખ તેમના બિઝનેસ પાર્ટનર વિષ્ણુ અધીકારી (અમેરિકા સ્થિત) દોતેશ હિલીંગ હેન્ડસ્ ફાઉન્ડેશન તરફથી અંકે રૂપિયા ચુમોતેર લાખ પુરા આંખ વિભાગમાં ઓસીટી અને ગ્રીન લેઝર મશીન ખરીદી માટે અર્પણ કરેલ છે.

આ મશીનથી દર્દીની આંખને સ્કેન કરી આંખ તથા આંખના પડદાને સંભવિત કોઈપણ તકલીફ વિશે જાણી તેની લેઝરથી સારવાર કરી શકાય છે. તા.૨૦.૦૯.૨૦૨૪માં રોજ આ ઓસીટી અને ગ્રીન લેઝર મશીનનું શુભ ઉદ્ઘાટન દાતા કક્ષાબેન પારેખ, વૃતાબેન, સ્નેહબેન, ત્રીશાબેન તથા સ્થાનિક ટ્રસ્ટીઓ અને આંખના સર્જન ડો. જયેશ પટેલની ઉપસ્થિતમાં સંપન્ન થયું.

### પાલિકાના શાસકોની ગંભીર બેદરકારી

# અમરેલીમાં મહાનુભાવોની પ્રતીમાની નિયમિત સફાઈ કરવામાં ઠાગાઠૈયા

## શિવાજી મહારાજની પ્રતીમા ઉપર ધુળનાં થર લાગ્યા



અમરેલી, તા. ૧૬

અમરેલી શહેરમાં અલગ અલગ અલગ સ્થાનો ઉપરદેશના મહાનુભાવો, શહીદો, સહિતનાઓની પ્રતિમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. ત્યારે અમરેલીના પ્રવેશ દ્વારસમા જેશીંગપરાના શિવાજી ચોક ખાતે શિવાજી મહારાજની પ્રતિમા પ્રસ્થાપિત કરી અને આ ચોકનું નામ શિવાજી ચોક પાડવામાં આવેલ છે. ત્યારે અગાઉ શુશોભિત કરવામાં આવેલ આ શિવાજી મહારાજની પ્રતિમા તથા શહેરની અન્ય પ્રતિમાંઓને સ્થાનિક પાલિકાના શાસકો સાચવવામાં સરેઆમ નિષ્ફળ ગયેલા હોય, દેશની ધરોહર સમા મહાનુભાવોની પ્રતિમાઓની નિયમિત સફાઈ તથા જાળવણી નહીં થવાના કારણે પ્રતિમાં ઉપર પક્ષીઓની ચરક તથા ધૂળના થર લાગી જાય છે. ત્યારે સ્થાનિક પાલિકાના શાસકોએ મહાનુભાવોની અતિ કિંમતી માનવામાં આવતી તમામ પ્રતિમાં સાચવવામાં સવિશેષ કાળજી રખાવી જોઈએ. હાલમાં જેશીંગપરાના શિવાજી ચોક ખાતે શિવાજી મહારાજની પ્રતિમાની સ્થિતિ કઈંક આવી છે.

## અમરેલીનાં ધારાસભ્ય બાદ પૂર્વ સાંસદ સામે પણ મોરચો મંડાયો

# પૂર્વ સાંસદનાં કથિત ભ્રષ્ટાચારની તપાસ ન થાય તો આંદોલનની ચીમકી

### જાગૃત નાગરિક નાથાલાલ સુખડીયાએ જિલ્લા કલેકટરને ૮ દિવસમાં કાર્યવાહી કરવા પત્ર પાઠવ્યો

### જિલ્લા કલેકટર કચેરી સામે ૮ દિવસ બાદ અર્ધ નગ્ન હાલતમાં ઉપવાસ કરવાની ચીમકી

### ગૌચર જમીનમાંથી માટી ખનન કરવા સહિતનાં મામલે તપાસની માંગ કરાઈ

### અવારનવાર લેખિતમાં રજૂઆત કરવામાં આવી છતાં કોઈ પ્રકારની તપાસ જ થતી નથી

અમરેલી, તા. ૧૬

અમરેલીનાં ચકકરગઢ દેવળીયાનાં મહિલા સરપંચનાં પતિ અને જાગૃત નાગરિક નાથાલાલ સુખડીયાએ પુનઃ પૂર્વસાંસદ નારણભાઈ કાછડીયાનાં કથિત ભ્રષ્ટાચાર સામે ધોકો પછાડયો છે.

તેઓએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવીને ૮ દિવસમાં પૂર્વ સાંસદનાં કથિત તમામ ભ્રષ્ટાચારની તપાસ શરૂ કરવામાં ન આવે તો અર્ધનગ્ન હાલતમાં જિલ્લા કલેકટર કચેરી સામે ઉપવાસ આંદોલન કરવાની ચીમકી આપતાં ભારે ચકચાર મચી છે.

એક તરફ અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ દંડક સામે લેટરકાંડને લઈને અવનવા આક્ષેપો થઈ રહ્યા છે તેવા સમયે સત્તા પક્ષનાં વધુ એક નેતા અને પૂર્વ સાંસદ સામે પણ ગંભીર આક્ષેપો થતાં જિલ્લાનો રાજકીય માહોલ ગરમાયો છે.

આમ સત્તા પક્ષનાં એક પછી એક આગેવાનો વિવાદમાં આવી રહ્યા હોય જિલ્લાનાં ઉચ્ચ અધિકારીઓ પણ કરે તો કરે શું તેવી પરિસ્થિતિમાં મુકાયા છે. તો વિપક્ષી આગેવાનો અને જાગૃત નાગરિકોને દોડવું હતું અને ઢાળ મળી ગયો હોય તેવું વાતાવરણ ઉભું થયું છે.

### રોંગ સાઈડમાં આવી રહેલ ફોર વ્હીલ ચાલકે હડફેટે લેતા

## સાવરકુંડલા-વીજપડી માર્ગ ઉપર માલધારી મહિલાનું અકસ્માતમાં મોત

### મૃતક દ્વારકા જિલ્લાનાં હોવાનું બહાર આવ્યું

અમરેલી, તા. ૧૬, મુળ દેવભુમીદ્વારકા જિલ્લાના નવી ધ્રેવાળ ગામના વતની વિરમભાઈ ભીમાભાઈ મોરી નામના પશુપાલકના પત્નિ વિજુબેન માલઢોર ઘેટા-બકરા લઈ અને ચાલીને સાવરકુંડલાથી વીજપડી તરફ જતા હતા. તે દરમ્યાન રાજધાની હોટલથી આગળ થોડે દુર પહોંચતા સામેથી રોંગસાઈડમાં ફોરવ્હીલ નં. જી.જે.-૩૬ એએફ-૦૧૯૦ ના ચાલકે પોતાની ફોરવ્હીલ ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી આવી વિરમભાઈ મોરી નામના પશુપાલકના પત્નિ વિજુબેન સાથે ભટકાડી ગંભીર ઈજા કરી વિજુબેનનું મોત નિપજાવ્યાની ફરિયાદ નોંધાઈ છે.

### અમરેલી જિલ્લાનાં માર્ગો બન્યા અસલામત

## ધરાઈ-મોટા દેવળીયા માર્ગ ઉપર ત્રિપલ સવારી બાઈકને કાર ચાલકે હડફેટે લીધુ

### એકનું મોત નિપજયું અન્યને ઈજા

અમરેલી, તા. ૧૬

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ બાબરા તાલુકાના ધરાઈ ગામે અરવિંદભાઈ રામાણીની વાડીએ રહેતા નસરોભાઈ કોટવાલભાઈ બલડેના બનેવી કશરીયા ઉર્ફે કાશીરામ મન્સારામ તથા દિનેશ તા. ૧૪ના રોજ સાંજના આશરે સાડા આઠેક વાગ્યે પોતાના હવાલાવાળું મોટર સાયકલ લઈ ધરાઈ ગામેથી મોટા દેવળીયા ગામે જતાં હોય. તે દરમ્યાન ધરાઈ ગામથી થોડે દુર ધરાઈ-મોટા દેવળીયા ગામ વચ્ચે હાઈવે રોડ ઉપર મોટા દેવળીયા ગામ તરફથી એક ફોરવ્હીલ નં. જી.જે.-૦૧ કેજે-૬૩૮૫ ના ચાલકે ફોરવ્હીલ ગાડી પુરઝડપે અને બેફિરાઈ રીતે ચલાવી કશરીયા ઉર્ફે કાશીરામ તથા તેમની સાથેનાને શરીરે નાની મોટી ગંભીર ઈજાઓ કરી કશરીયા ઉર્ફે કાશીરામનું મોત નિપજાવ્યાની ફરિયાદ નોંધાઈ છે.






### દેશભરમાં એક વર્ષમાં તબીબોની ઉણપ બુરાઈ જશે

# અમરેલી જિલ્લા સહિત દેશભરનાં આયુર્વેદિક અને હોમિયોપેથીક તબીબો માટે એલોપથી બ્રીજ કોર્સ જરૂરી

### જાણીતા ડો. ભરત કાનાબારનું સુચન સરકારે ધ્યાને લેવું જોઈએ

દામનગર, તા. ૧૬

અમરેલી જિલ્લાના ખ્યાતનામ તબીબ જેમનું diagnoses લેબ સમાંતર માનવામાં આવે છે. તેવા ડો. ભરતભાઈ કાનાબારે તબીબી સેવા અંગે ખૂબ લોક ઉપયોગી સજેશન કર્યુ. ખુબ જ નજીવા ખર્ચમાં એક-બે વર્ષમાં દેશને લાખો ડોકટરો એક સાથે ઉપલબ્ધ બની શકે તેમ છે! દેશના અંતરિયાળ અને ગ્રામ્ય વિસ્તારોમાં પૂરતા ડોકટરો ઉપલબ્ધ બને તે માટે કેન્દ્ર સરકાર છેલ્લા પાંચ વર્ષમાં સંખ્યાબંધ મેડિકલ કોલેજો ખોલી ચુકી છે. આ કોલેજો શરૂ કરવા માટે સરકાર ખાસ્સા નાણાં ખર્ચી રહી છે પણ બધી જગ્યાએ ટીચિંગ માટે પૂરતી ફેકલ્ટી પ્રાપ્ય નથી અને કેટલીક જગ્યાએ આ કોલેજો સાથે સંલગ્ન હોસ્પિટલોમાં પૂરતા દર્દીઓ



પણ નથી. આ બંને બાબતોની વિપરીત અસર કોલેજોમાં અપાતા શિક્ષણની ગુણવત્તા પર પડે છે.

આ સમસ્યાનો સરળ અને ઓછો ખર્ચાળ વિકલ્પ દેશ પાસે છે. ભારતમાં આજે લાખો આયુર્વેદિક અને હોમિયોપેથિક પ્રેકિટશનરો છે જે નાનાં શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં સેવા આપી રહ્યા છે. આ બધા લોકો બેઝિક એનેટોમી અને ફિઝયોલોજી શીખ્યા હોય છે. તે બધા પૈકી જેમને એલોપેથીની પ્રેકટીશ કરવી હોય તેમને માટે એક કે બે વર્ષના બ્રિજ કોર્સની વ્યવસ્થા કરવામાં આવે અને કોર્સ અંતે તેની પરીક્ષામાં સફળ થનારને એલોપેથી પ્રેકટીશની છૂટ અપાય તો દેશને લાખો ડોકટરો એક સાથે મળી જાય. નવી મેડિકલ કોલેજો ખોલવાની જરૂર રહેશે નહિ અને એક સાથે લાખો નવા ડોકટરો ઉમેરાશે. જેનો ફાયદો સમગ્ર દેશભરના આમ લોકોને થશે, ગામડા ભાંગત અટકશે, પરોક્ષ કે પ્રત્યેક્ષ લોક સ્વાસ્થ્ય સુધરશે, અગણિત ફાયદા઼ઓ થશે, સારા તબીબ ગામડાઓમાં હશે તો અન્ય શિક્ષિત લોકો ગામડામાં વસવાટ કરશે, શિક્ષણ સબંધી સ્થિતિ સુધરે આવા અનેક ફાયદા થશે.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

70,400/-
(૧૦ ગ્રામ)

રહેલ તા. ૧૬/૦૧/૨૦૨૫ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166

બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬




આમ આદમીનું અખબાર

વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૫

અમરેલી એક્સપ્રેસ

સચોટ - સટીક - સાતત્ય સભર દૈનિક

લાવી રહ્યું છે આપના માટે લવાજમ યોજના



લવાજમ ભરવા માટે અમારા સ્થાનિક એજન્ટનો સંપર્ક કરો

કોટડાપીઠા : ભરતભાઈ મહેતા - ૯૪૨૯૧ ૩૯૮૫૬
બાબરા : રાજુભાઈ બસીયા - ૯૯૨૫૪ ૬૬૪૪૪
પંકજભાઈ ઈન્દ્રોડીયા - ૯૪૦૮૧ ૫૮૯૦૧
ચિતલ : જસવંતગઢ
ભરતભાઈ અમરેલીયા - ૭૯૮૪૭ ૩૫૩૧૫
દામનગર : નટુભાઈ ભાતીયા - ૯૪૨૯૧ ૩૯૪૨૨
લીલીયા મોટા : બીપીનભાઈ સ્વાણી - ૯૪૨૭૪ ૨૭૨૧૭
સાવરકુંડલા :
વીજપડી : પ્રફુલભાઈ નગદીયા - ૯૯૦૪૮ ૦૨૪૦૭
આંબરડી (સા.કું.) : સુભાષભાઈ સોલંકી - ૮૫૧૧૪ ૬૦૪૦૦
રાજુલા : યોગેશભાઈ કાનાબાર - ૯૦૬૭૫ ૭૪૭૩૭
જાફરાબાદ : ભરતભાઈ બારૈયા - ૮૧૫૩૦ ૯૨૬૧૬
કોવાયા : સુમરાભાઈ વાઘ - ૯૯૯૮૭ ૨૩૯૯૯
ઉના : ધર્મેશ જેઠવા - ૯૭૧૨૦૧૦૦૫૮
કુંકાવાવ : રાજુભાઈ યાદવ - ૯૯૭૮૧ ૩૪૪૩૪
મોટા આંકડીયા : મનોજભાઈ ત્રિવેદી - ૯૯૭૯૨ ૧૦૭૨૭
બગસરા : સમીર વિરાણી - ૯૯૭૮૧ ૩૩૧૩૪
બાબાપુર : હસમુખભાઈ રાવળ - ૯૯૭૮૫ ૧૫૨૧૪
ધારી : અરવિંદભાઈ દવે - ૯૯૦૪૫ ૨૪૨૬૬
ચલાલા : પ્રકાશભાઈ કારીયા - ૯૯૨૫૩ ૩૦૯૭૯
ખાંભા : ભાવિકભાઈ કલસરીયા - ૯૫૮૬૮ ૩૮૪૦૯

લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૫ થી
તા.૩૧-૧૨-૨૦૨૫

લવાજમ ભરો
₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ
અમરેલી એક્સપ્રેસ...

એજન્ટો તથા ગ્રાહકોએ લવાજમ યોજનાની રકમ ભરપાઈ કરીને પાકી પહોંચ મેળવવાની રહેશે.

amreli express

અમરેલી શહેરમાં લવાજમ ભરવા માટે
ઓમ ન્યુઝ એજન્સી
સુધરાઈ શોપીંગ સેન્ટર, કિષ્ના ટ્રાવેલ્સની ગલીમાં, ડો. જીવરાજ મહેતા ચોક, અમરેલી.
સુમીત ચંદારાણા – મો. નં. ૮૭૩૫૦ ૧૨૭૨૭

www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)